

P.07

એટલીની ફિલ્મમાં રશ્મિકા મંદાના નેગેટિવ ભૂમિકામાં


ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

# લોક પત્રિકા

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૩૪૧ । વિક્રમ સંવત ૨૦૮૧ : અષાઢ વદ ૦૫ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 341 • Dt.15-07-2025 Tuesday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


P.07

શનાયા કપૂરની ડેબ્યૂ ફિલ્મનો ફ્લોપ શો, માંડ રૂ.૭૩ લાખની કમાણી



ઈઝરાયલની સેનાએ ગાઝામાં પાણી ભરી રહેલા બાળકો ઉપર મિસાઈલ ઝિંકી । આઠ બાળકો સહિત ૪૩ના મોત



07


15
JULY- 2025
TUESDAY




07

હજારો સૈનિક અને લાખો ખતરનાક તોપ । રશિયાની ખુલ્લેઆમ મદદ કરી રહ્યું છે નોર્થ કોરિયા : યુક્રેન

વડોદરાના બ્રિજ અકસ્માતમાં ૨૦ લોકોના મોત

## મૃતકોના પરિવારોને ૪ લાખ રૂપિયા અને ઘાયલોને ૫૦,૦૦૦ રૂપિયાની સહાય આપવામાં આવી

# રાજ્યમાં ગંભીરા બ્રિજ અકસ્માતના પીડિતોને ૬૨ લાખ રૂપિયાની આર્થિક સહાયનું વિતરણ

### છોટા ઉદેપુરના સાંસદ જશુભાઈ રાઠવા અને પાદરાના ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલાએ રાહત ચેકનું વિતરણ કર્યું । ઉપલબ્ધ સરકારી યાદી મુજબ, અકસ્માતમાં ઘાયલ થયેલા ૪ લોકો અને ૧૫ મૃતકોના પરિવારોને ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૧૪ ।

ગુજરાતના વડોદરામાં મુજપુર-ગંભીરા બ્રિજ અકસ્માતના પીડિતોને ૬૨ લાખ રૂપિયાની આર્થિક સહાયનું વિતરણ કરવામાં આવ્યું છે. મૃતકોના પરિવારોને ૪ લાખ રૂપિયા અને ઘાયલોને ૫૦,૦૦૦ રૂપિયાની સહાય આપવામાં આવી છે. હકીકતમાં, રાજ્ય સરકાર અકસ્માતમાં જીવ ગુમાવનારાઓના પરિવારો અને ઘાયલોને નાણાકીય સહાય પૂરી પાડવા પ્રત્યે ખૂબ જ સંવેદનશીલ છે. મુખ્યમંત્રીના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારે જાહેર કરેલી નાણાકીય સહાય હેઠળ ઉપલબ્ધ યાદી મુજબ, અસરગ્રસ્ત લોકોને કુલ ૬૨ લાખ રૂપિયાના ચેકનું વિતરણ કરવામાં આવ્યું છે.અકસ્માતની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, તાત્કાલિક નાણાકીય સહાય મંજૂર કરવામાં આવી હતી અને કોઈપણ વિલંબ કર્યા વિના વિતરણ કરવામાં આવી હતી. રાજ્ય સરકારે મૃતકોના પરિવારોને ૪ લાખ રૂપિયા અને ઘાયલોને ૫૦,૦૦૦ રૂપિયાનું વળતર આપવાની જાહેરાત કરી હતી. છોટા ઉદેપુરના સાંસદ જશુભાઈ રાઠવા અને પાદરાના ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલાએ રાહત ચેકનું વિતરણ કર્યું. ઉપલબ્ધ સરકારી યાદી મુજબ, અકસ્માતમાં ઘાયલ થયેલા ૪ લોકો અને ૧૫ મૃતકોના પરિવારોને ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાંસદ જશુભાઈ રાઠવા અને પાદરાના ધારાસભ્યએ અકસ્માત પીડિતો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.



ગુજરાતના વડોદરા જિલ્લાના પાદરા તાલુકા નજીક મહિસાગર નદી પર ૯ જુલાઈ ૨૦૨૫ ના રોજ મુજપુર-ગંભીરા બ્રિજ અકસ્માત થયો હતો. આ બ્રિજ વડોદરા અને આણંદ જિલ્લાઓને જોડતો હતો અને મધ્ય ગુજરાતને સૌરાષ્ટ્ર પ્રદેશ સાથે જોડતો હતો, પરંતુ ૯ જુલાઈ ૨૦૨૫ ની સવારે, આ ૪૩ વર્ષ જૂના બ્રિજનો ૧૨ મીટર લાંબો સ્લેબ અચાનક તૂટી પડ્યો. બ્રિજનો એક ભાગ તૂટી પડવાને કારણે, ૨ ટ્રક, એક જીપ કાર, એક પિકઅપ વાન અને એક બાઈક ૧૧૦ ફૂટ નીચે મહિસાગર નદીમાં પડી ગયા.

કેન્દ્રીય મંત્રી નીમુબેન બાંભણીયાના હસ્તે

# ભાવનગરની તળાજા સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળામાં અદ્યતન શિક્ષણ સદનનું લોકાર્પણ કરાયું

। પ્રતિનિધિ, ભાવનગર, તા.૧૪ ।

ભાવનગર જિલ્લામાં "રાષ્ટ્રીય વયોશ્રી યોજના" હેઠળ મૂલ્યાંકન પ્રક્રિયાનો સર ટી. હોસ્પિટલ ખાતે કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયાએ પ્રારંભ કરાવ્યા બાદ, જિલ્લાના વિવિધ તાલુકા મથકો પર આ પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. આ ક્રમમાં ૧૨મા દિવસે ઘોઘા તાલુકામાં વયોશ્રી યોજના મૂલ્યાંકન પ્રક્રિયા અવસરે કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ તકે તેમની સાથે જિલ્લા વિકાસ અધિકારી, સંગઠનના હોદ્દેદારો, સરપંચ સહિતના લોકો પણ જોડાયા હતા. આ ઉપરાંત તળાજા સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળામાં અદ્યતન શિક્ષણ સદનનું લોકાર્પણ પણ કરાયું હતું.ભારત સરકાર દેશના જરૂરિયાતમંદ લાભાર્થીઓ, વયોવૃદ્ધો અને દિવ્યાંગોની મદદ માટે તત્પર છે અને વિવિધ યોજનાઓ થકી તેમને મદદ પહોંચાડી રહી છે. ત્યારે કેન્દ્ર સરકાર દ્વારા વયોવૃદ્ધો અને દિવ્યાંગો માટે એએસઆઈએમસીઓના સહયોગથી ૧૫ જેટલા અલગ અલગ સાધનોની સહાય કરવામાં આવશે. આ યોજના અંતર્ગત ૬૦ વર્ષથી વધુ ઉંમરના લોકો કે જેને ચાલવા માટે લાકડી, વ્હીલ ચેર, વોકર, કાનનું મશીન, ઘૂંટણ અને કમરના બેલ્ટ, કૃત્રિમ દાંત સહિતના ૧૫ જેટલા સાધનો મૂલ્યાંકન બાદ આપવામાં આવનાર છે. જેની જરૂરી ડોક્યુમેન્ટ્સ સાથેની નોંધણી પ્રક્રિયા ઘોઘા સી.એચ.સી. ખાતે આજથી શરૂ કરવામાં આવી છે. સાથે સાથે જરૂરિયાતમંદ વૃદ્ધોને પેન્શન અને આયુષ્યમાન કાર્ડ અંગેની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે.


વીજળીના બિલને કરો (0)

Since 2013
Navkalp SOLAR
it's time to save

નેશનલ પોર્ટલ રૂફટોપ સબસીડી મળવા પાત્ર





25 YEARS WARRANTY

ગુજરાત ની અગ્રણી રેસીડેન્શીયલ INDUSTRIAL સોલાર રૂફટોપ કંપની

Help Line
+91 93 77 51 77 52



શ્રી ઉત્તર દશક્રોઈ કડવા પાટીદાર એજ્યુકેશન કેમ્પસ સંચાલિત

કમલા અમૃત ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગ, ગાંધીનગર

Approved by Govt. Of Gujarat, Gujarat Nursing Council & Affiliated to Gujarat University

KAMLA AMRUT INSTITUTE OF NURSING





પ્રવેશ પ્રક્રિયા પ્રારંભ ૨૦૨૩-૨૪

B.Sc. Nursing
૪ વર્ષનો કોર્ષ
ધોરણ-૧૦ + ૨ સાયન્સ પાસ
(PCB + ENGLISH)

P.B.B.Sc. Nursing
Post basic B.Sc. University
૨ વર્ષનો કોર્ષ
G.N.M. પાસ

GNM
General Nursing and Midwifery
૩ વર્ષનો કોર્ષ
ધોરણ-૧૦ + ૨ પાસ (કોઈપણ સ્ટ્રીમ) અને અંગ્રેજી

ઉપલબ્ધ સુવિધાઓ

- ૧૦૦ બેડની પોતાની પેરેન્ટ હોસ્પિટલ
- અનુભવી સ્ટાફ દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણ
- અત્યાધુનિક લેબોરેટરી અને લાયબ્રેરી
- સ્માર્ટ ક્લાસરૂમ
- ટ્રાન્સપોર્ટેશન માટે બસની સુવિધા
- હોસ્ટેલની સુવિધા
- એ.સી. મલટીપરપઝ ઓડિટોરીયમ
- SC/ST ની કેટેગરીના વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપની સુવિધા

9638358158, 7567020200, 9313304367

## ચૈતર વસાવાને ઝટકો જેલવાસ લંબાયો

# 'લાફા કાંડ'માં આપના ધારાસભ્યની જામીન અરજી નામંજૂર

### નીચલી કોર્ટ બાદ સેસન્સ કોર્ટે પણ તેમની જામીન અરજી નામંજૂર કરતા, તેમને હજુ જેલવાસ ભોગવવો પડશે

I પ્રતિનિધિ, નર્મદા, ૧૪ I

નર્મદા જિલ્લાના દેડિયાપાડાના આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાને 'લાફા કાંડ' સંબંધિત કેસમાં જામીન મેળવવામાં વધુ વિલંબનો સામનો કરવો પડશે. નીચલી કોર્ટ બાદ સેસન્સ કોર્ટે પણ તેમની જામીન અરજી નામંજૂર કરતા, તેમને હજુ જેલવાસ ભોગવવો પડશે. જામીન અરજી માટે હવે તેમને ગુજરાત હાઈકોર્ટનો દરવાજો ખખડાવવો પડશે.ચૈતર વસાવા ૫ જુલાઈથી જેલમાં છે અને હાલ વડોદરા સેન્ટ્રલ જેલમાં કેદ છે. સરકારી પક્ષે ચૈતર વસાવાના જામીન નામંજૂર કરવા માટે તેમના અગાઉના કેસોની રજૂઆત કરી હતી. ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૨૩ના ફોરેસ્ટ વિભાગના એક કેસમાં તેમને શરતી જામીન મળ્યા છે અને તે કેસ હજુ કોર્ટમાં ચાલી રહ્યો છે. અગાઉના કેસની ગંભીરતા અને વર્તમાન 'લાફા કાંડ'ની ઘટનાને ધ્યાનમાં રાખીને, કોર્ટે તેમને જામીન આપવાનો ઈનકાર કર્યો છે.આ ઘટનાથી નર્મદા જિલ્લા સહિત ગુજરાતના રાજકારણમાં ગરમાવો આવ્યો છે. એક તરફ છઈંના ધારાસભ્યને જામીન ન મળતા પક્ષમાં ચિંતાનો માહોલ છે, તો બીજી તરફ ભાજપ આ મામલે કાયદેસરની કાર્યવાહી પર ભાર મૂકી રહ્યું છે. હવે ચૈતર વસાવા માટે હાઈકોર્ટ એકમાત્ર આશાનું કિરણ છે.નર્મદા





જિલ્લાના દેડિયાપાડા ખાતે આપના ધારાસભ્ય ચૈતર વસાવા અને ભાજપ શાસિત તાલુકા પંચાયતના પ્રમુખ સંજય વસાવા વચ્ચે ગત શનિવારે (૫ જુલાઈ) ઉગ્ર બોલાચાલી બાદ મારામારીનો બનાવ બન્યો હતો. આ ઘટના છ્ફ્ (આદિજાતિ વિકાસ કચેરી)ની સંકલન બેઠક દરમિયાન બની હતી. આ મામલે તાલુકા પંચાયતના પ્રમુખ સંજય વસાવાએ પોલીસ ફરિયાદ નોંધાવ્યા બાદ ચૈતર વસાવાની ધરપકડ કરવામાં આવી હતી. આ દરમિયાન પોલીસ અને ચૈતર વસાવાના સમર્થકો વચ્ચે ઘર્ષણ પણ સર્જાયું હતું.નર્મદા જિલ્લાના દેડિયાપડાના આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાને 'લાફા કાંડ' સંબંધિત કેસમાં જામીન મેળવવામાં વધુ વિલંબનો સામનો કરવો પડશે. નીચલી કોર્ટ બાદ સેસન્સ કોર્ટે પણ તેમની જામીન અરજી નામંજૂર કરતા, તેમને હજુ જેલવાસ ભોગવવો પડશે. જામીન અરજી માટે હવે તેમને ગુજરાત હાઈકોર્ટનો દરવાજો ખખડાવવો પડશે. ચૈતર વસાવા ૫ જુલાઈથી જેલમાં છે.

## વઢવાણના રામપરામાં ખેતરમાં પશુઓ ચરાવવા બાબતે મારામારી બાદ આધેડનું શંકાસ્પદ મોત

I પ્રતિનિધિ, સુરેન્દ્રનગર, તા.૧૪ I

સુરેન્દ્રનગર જીલ્લામાં નજીવી બાબતે લુંટ, ફાયરીંગ, હત્યા, મારામારી સહિતના બનાવો વધી રહ્યાં છે. ત્યારે વઢવાણ તાલુકાના રામપરા-નવાણીયા ગામ વચ્ચે આવેલ સીમમાં કામ કરી રહેલ આધેડ ખેડુત સાથે અજાણ્યા શખ્સોએ ઢોર ચરાવવા બાબતે બોલાચાલી કરી હતી જેમાં મામલો ઉગ્ર બનતા મારામારીનો બનાવ બન્યો હતો. જે બનાવ બાદ આધેડનું શંકાસ્પદ હાલતમાં મોત નીપજતા પોલીસે વધુ તપાસ હાથધરી છે.વઢવાણ તાલુકાના રામપરા-નવાણીયા ગામ વચ્ચે આવેલ સીમમાં ઢોર ચરાવવા બાબતે આધેડ ખેડુત ઘનશ્યામભાઈ દલાભાઈ ખેર સાથે સામાન્ય બોલાચાલી થઈ હતી જેમાં મામલો ઉગ્ર બનતા મારામારીનો બનાવ બન્યો હતો.

## અમદાવાદ-ભાવનગર હાઇવે પરનો વલભીપુર કેનાલનો પુલ બંધ કરાયો

I પ્રતિનિધિ, વડોદરા,તા.૧૪ I

વડોદરા-પાદરા હાઈવે પર ગંભીરા બ્રીજ તુટી પડવાની ઘટના બાદ સમગ્ર રાજ્યમાં તંત્ર સફાળુ જાગ્યુ છે. જે અનુંસંધાનમાં જોખમી બ્રીજ બંધ કરવાની સાથે સમારકામ પણ શરૂ કરાયું છે. ત્યારે અમદાવાદ-ભાવનગર હાઈવે પર વલભીપુર કેનાલ બ્રીજને બંધ કરવામાં આવતાની સાથે ડાયવર્ઝન આપવામાં આવ્યું છે. આ ઉપરાંત, રાજકોટ-અમદાવાદ હાઈવે પર બગોદરા નજીક આવેલો ભોગાવો નદીનો મેજર બ્રીજ તાત્કાલિક અસરથી બંધ કરીને ટ્રાફિકને નવા બ્રીજ પર ડાયવર્ટ કરાયો છે.અમદાવાદ-રાજકોટ હાઈવે પર આવેલા બગોદરા નજીકનો ભોગાવો બ્રીજ વર્ષોથી જર્જરીત હાલતમાં છે અને અન્ય બ્રીજનું કામ પણ ખુબ ધીમી ગતિએ ચાલી રહ્યું છે. ત્યારે ગંભીરા બ્રીજની ઘટના બાદ બ્રીજ પર તપાસ કરવામાં આવી હતી અને રવિવારથી તમામ પ્રકારના વાહન વ્યવહાર માટે જર્જરીત બ્રીજને બંધ કરવામાં આવ્યો છે.

## જામનગર : બેંકથી કંટાળેલા ગ્રાહકનો અનોખો વિરોધ! ચાદર-ઓશીકું લઈને બેંકના સોફા પર સૂઈ ગયો

I પ્રતિનિધિ, જામનગર, તા.૧૪ I

જામનગરની આઈડીબીઆઈ બેંકમાં એક ગ્રાહકને બેંકના અધિકારી અને સ્ટાફ દ્વારા ન્યાય મળતો ન હોવાથી અલગ જ પ્રકારે વિરોધ નોંધાવ્યો હતો. જેમાં ગ્રાહકે પોતાના ઘેરથી ચાદર-ઓશીકું વગેરે લાવીને જ્યાં સુધી પોતાનું કામ ન થાય ત્યાં સુધી બેંકના સોફા પર જ લંબાવી દીધું હતું. જેને લઈને બેંકનો સ્ટાફ પણ ચોંકી ઉઠ્યો હતો. જામનગરની આઈ.ડી.બી.આઈ. બેંકમાંથી જામનગરના જેશાભાઈ નામના વ્યક્તિએ હોમલોન લીધી હતી. બેંકમાંથી હોમલોન લીધા બાદ આ લોન તેઓ અન્ય બેન્કમાં ટ્રાન્સફર કરવા માંગતા હતા. જેને લઈને જેશાભાઈએ આ અંગે બેંક પાસેથી ડોક્યુમેન્ટ માંગ્યા હતા. પરંતુ આઈ.ડી.બી.આઈ. બેંક દ્વારા ડોક્યુમેન્ટ આપવામાં આવ્યા ન હતા. જોકે, આ મામલે જેશાભાઈએ અનેક વખતે બેંકના ધક્કા ખાધા અને બેંકમાં રજૂઆત કરી હોવા છતાં તેમને જરૂરી ડોક્યુમેન્ટ આપવામાં આવ્યા ન હતા. જેમાં જેશાભાઈને સંતોષકારક જવાબ નહીં મળતાં પરેશાનો સામનો કરવો પડ્યો હતો, અંતે કંટાળીને તેમણે બેંકમાં જઈને અનોખી રીતે વિરોધ કરીને પોતાની માગ મૂકી હતી. જેમાં જેશાભાઈ બેંકના સોફા પર જ ઓશીકું અને ચાદર લઈને સૂઇ ગયા હતા. અને જ્યાં સુધી જરૂરી ડોક્યુમેન્ટ બેન્ક દ્વારા આપવામાં ન આવે ત્યાં સુધી બેન્કમાં સોફા પર જ સૂઈ રહીને વિરોધ કરવાનું જણાવતાં બેંકના અધિકારીઓમાં દોડધામ મચી ગઇ હતી.

## રાજ્યમાં આગામી ૪ દિવસ છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી ભારે વરસાદની આગાહી

# ગુજરાત રાજ્યમાં ૯૩ તાલુકામાં મેઘમહેર સૌથી વધુ ઉમરપાડા-ખેડબ્રહ્માામાં ૨-૨ ઇંચ

I પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૪ I



રાજ્યમાં આગામી ૪ દિવસ છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી ભારે વરસાદની આગાહી કરી છે, ત્યારે સોમવારે (૧૪ જુલાઈ) ૯૩ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ સુરતના ઉમરપડા અને સાબરકાંઠાના ખેડબ્રહ્મામાં ૨-૨ ઈંચ વરસાદ ખાબક્યો છે. જુઓ ક્યાં-કેટલો વરસાદ ખાબક્યો. રાજ્યમાં આજે (૧૪ જુલાઈ) સવારે ૬ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધીમાં ૯૩ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સુરતના ઉમરપાડામાં ૨.૨૪ ઈંચ, સાબરકાંઠાના ખેડબ્રહ્મા અને વલસાડના કપરાડામાં ૨.૨૦-૨.૨૦ ઈંચ, તાપીના વ્યારામાં ૧.૬૫ ઈંચ, પંચમહાલના જાંબુઘોડામાં ૧.૬૧ ઈંચ, નર્મદાના સાગબારામાં ૧.૫૪ ઈંચ, ખેડાના નડિયાદમાં ૧.૫૦ ઈંચ, સુરતના બારડોલીમાં ૧.૪૨ ઈંચ વરસાદ ખાબક્યો છે. જેમાં ૧૩ તાલુકામાં ૧ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.

જ્યારે નર્મદાના દેડીયાપાડા, સુરતના પલસાણા, છોટા ઉદેપુરના નસવાડી, બોડેલી, નવસારીના ચીખલી સહિતના ૯૦ તાલુકામાં ૧ ઈંચની અંદરમાં વરસાદ નોંધાયો છે.

રાજ્યમાં આગામી ૪ દિવસ છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી ભારે વરસાદની આગાહી કરી છે, ત્યારે આજે સોમવારે (૧૪ જુલાઈ) ૯૩ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ સુરતના ઉમરપાડા અને સાબરકાંઠાના ખેડબ્રહ્મામાં ૨-૨ ઈંચ વરસાદ ખાબક્યો છે. જુઓ ક્યાં-કેટલો વરસાદ ખાબક્યો.રાજ્યમાં આજે (૧૪ જુલાઈ) સવારે ૬ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધીમાં ૯૩ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સુરતના ઉમરપડામાં ૨.૨૪ ઈંચ, સાબરકાંઠાના ખેડબ્રહ્મા અને વલસાડના કપરાડામાં ૨.૨૦-૨.૨૦ ઈંચ, તાપીના વ્યારામાં ૧.૬૫ ઈંચ, પંચમહાલના જાંબુઘોડામાં ૧.૬૧ ઈંચ, નર્મદાના સાગબારામાં ૧.૫૪ ઈંચ, ખેડાના નડિયાદમાં ૧.૫૦ ઈંચ, સુરતના બારડોલીમાં ૧.૪૨ ઈંચ વરસાદ ખાબક્યો છે. જેમાં ૧૩ તાલુકામાં ૧ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.

## વડોદરામાં લિફ્ટનો દરવાજો જોરથી બંધ કરવા મામલે પાડોશીઓ બાખડયા

I પ્રતિનિધિ, વડોદરા, તા.૧૪ I

વડોદરા શહેરના પોલોગ્રાઉન્ડ મેદાનની સામે આવેલ લાડ એપાર્ટમેન્ટમાં લિફ્ટનો દરવાજો બંધ કરવા મામલે પડોશીઓ ઝઘડતા પોલીસે બંને પક્ષની સામસામી ફરિયાદના આધારે ત્રણ વ્યક્તિ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.મળતી વિગતો મુજબ, ખ્યાતિબેન પટેલની ફરિયાદ હતી કે, અમારા એપાર્ટમેન્ટમાં જ રહેતા વિપુલ ગીરીશભાઈ રાવ અવાર નવાર લિફ્ટનો દરવાજો જોરથી બંધ કરતા હોય જેથી મેં તેમને દરવાજો ધીમે બંધ કરવા કહ્યું હતું, તેમણે દરવાજો આવી રીતે જ બંધ થશે તારે જે કરવું હોય તે કરી લે તેવો જવાબ આપ્યો હતો, જેથી હું તથા સોસાયટીના પ્રમુખ વિપુલભાઈને તેમના ઘરે સમજાવવા માટે ગયા હતા. જ્યાં વિપુલભાઈએ મને અપશબ્દો બોલી લાફો માર્યો હતો. આ સમયે મારા પતિ કુણાલ આવી પહોંચતા બંને વચ્ચે ઝઘડો થયો હતો. જેમાં મારા પતિની હાથની આંગળીમાં ફેક્ચર થયું છે. જ્યારે સામે વિપુલ ગીરીશભાઈ રાવએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, લિફ્ટનો દરવાજો ધીમે જ બંધ કરું છું પરંતુ અવાજ આવે તો હું શું કરું તેમ કહ્યું હતું, ત્યારબાદ તેઓએ સોસાયટીના પ્રમુખ સાથે મારા ઘરે આવી ઉદ્ધતાઈ ભર્યુ વર્તન કર્યુ હતું, અને તેમના પતિ કૃણાલએ મારી સાથે મારામારી કરી હતી.

## વડોદરામાં એનઆરઆઇ બાળકનું પ્રથમ આધારકાર્ડ કાઢવામાં આવ્યું

I પ્રતિનિધિ, વડોદરા, તા.૧૪ I

આધારકાર્ડનું સોફ્ટવેર અપડેટ થતા અરજદારોને અનેક સમસ્યાઓમાંથી છુટકારો મળશે. અત્યાર સુધી વિદેશમાં જન્મતા ભારતીય બાળકોનું આધાર કાર્ડ બની શકતું ન હતું. જો કે, હવે તે શક્ય બન્યું છે. વડોદરામાં એનઆરઆઈ બાળકનું પ્રથમ આધારકાર્ડ કાઢવામાં આવ્યું છે.વડોદરાના ધર્મેશભાઈ પટેલ યુએસએ સ્થાયી થયા હોય ૯વર્ષના પુત્રના આધારકાર્ડ માટે આવ્યા હતા. કોર્પોરેશનની વસ્તી ગણતરી શાખા ખાતે તેમના પુત્રનું આધારકાર્ડ બનતા ખુશી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, નવા અપડેટથી એનઆરઆઈ બાળકોનું આધારકાર્ડ બનતા મારી જેવા અસંખ્ય લોકોને રાહત થશે. જ્યારે સેશન્સ ઓફિસર સમીક જોષીનું કહેવું હતું કે, નવા સૉફ્ટવેરથી આધારકાર્ડમાં સુધારા અને નવા આધાર કાર્ડની પ્રક્રિયા ઝડપી બનશે. ઈમેલ અને મોબાઈલ નંબર ઓટીપી બાદ જ આધાર સાથે લિંક થશે. ડોક્યુમેન્ટની ખરાઇ પણ ઓટોમેટીક થશે. વિદેશમાં જન્મેલ એનઆરઆઈ બાળકના આધારકાર્ડ માટે ત્યાંનું બર્થ સર્ટિફિકેટ, માતા-પિતાનું અપડેટેડ આધાર કાર્ડ, અને ભારતીય પાસપોર્ટ રજૂ કરવાના રહેશે. આધારકાર્ડનું સોફ્ટવેર અપડેટ થતા અરજદારોને અનેક સમસ્યાઓમાંથી છુટકારો મળશે. અત્યાર સુધી વિદેશમાં જન્મતા ભારતીય બાળકોનું આધાર કાર્ડ બની શકતું ન હતું.




મુખ્યમંત્રી સમક્ષ રાજ્ય સરકારના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગે રજૂ કરેલી આ કાર્ય પદ્ધતિમાં

# સરદાર સરોવર પુનઃ વસવાટ એજન્સી હસ્તકની વસાહતોને મૂળ ગામ સાથે ભેળવવાના નિયમોને આખરી ઓપ અપાયો

## મહિસાગર જિલ્લાના મળીને કુલ ૨૬ તાલુકાની ૧૨૭ જેટલી નર્મદા વસાહતોનો નજીકના સંબંધીત ગામ સાથે ભળવાનો માર્ગ મોકળો થયો



। પ્રતિનિધિ, જૂનાગઢ, તા.૧૪ ।

રાજ્ય સરકારે સરદાર સરોવર પુનઃ વસવાટ એજન્સી હસ્તકની વસાહતોને મૂળ ગામ સાથે ભેળવવા, હસ્તાંતરણ કરવા માટેના નિયમોને આખરી ઓપ આપ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ સંદર્ભમાં નર્મદા વસાહતોને ગ્રામ પંચાયતો સાથે ભેળવવાની કાર્ય પદ્ધતિને મંજૂરી આપી છે. તદઅનુસાર, અમદાવાદ ગ્રામ્ય, વડોદરા, ભરૂચ, ખેડા, પંચમહાલ, નર્મદા અને છોટાઉદેપુર તથા મહિસાગર જિલ્લાના મળીને કુલ ૨૬ તાલુકાની ૧૨૭ જેટલી નર્મદા વસાહતોનો નજીકના સંબંધીત ગામ સાથે ભળવાનો માર્ગ મોકળો થયો છે.

મુખ્યમંત્રી સમક્ષ રાજ્ય સરકારના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગે રજૂ કરેલી આ કાર્ય પદ્ધતિમાં સુનિશ્ચિત કરવામાં આવ્યું છે કે, આવી વસાહતોમાં ઉપલબ્ધ નાગરિક સુવિધાઓ, પીવાના પાણીના સ્ત્રોત, વસાહતને મુખ્ય માર્ગ સાથે જોડતો એપ્રોચ રોડ અને આંતરીક રસ્તાઓ, સ્ટ્રીટ લાઈટની સુવિધાઓ, વરસાદી પાણીના નિકાલ માટેની સુવિધાઓ કાર્યરત રાખવા અને તેની સમયાંતરે મરામત તથા નિભાવણી અંગેની કામગીરી સંબંધિત ગ્રામ પંચાયત દ્વારા કરવાની રહેશે.

હસ્તાંતરણની આ કાર્ય પદ્ધતિ રાજ્ય સરકાર દ્વારા નિયત થવાથી હવે આશરે આગામી બે મહિનામાં આ કામગીરી પુર્ણ કરાશે.એટલું જ નહિ, આ હસ્તાંતરણ પ્રક્રિયાથી બધા જ નિવાસી-વસાહતી કુટુંબોને ગ્રામ પંચાયત દ્વારા અપાતી સરકારની સર્વે યોજનાઓનો નિયમોનુસાર સરળતાથી લાભ મળી શકશે અને વસાહતીઓ હવે ગ્રામ પંચાયતના સક્રિય નાગરિક બનતા તેમના જીવનધોરણમાં ઘણો સુધારો આવશે અને તેઓ આવશ્યક સુવિધાઓ સરળતાથી મેળવી શકશે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અન્ય જે બાબતો આવી નર્મદા વસાહતોને નજીકની ગ્રામ પંચાયત સાથે ભેળવવા માટે સુનિશ્ચિત કરી છે તેમાં એવું નક્કી કરવામાં આવ્યું છે કે, વસાહતોના વણ ફાળવાયેલા પ્લોટની માલિકી સરદાર સરોવર પુનઃ વસવાટ એજન્સીની જ રહેશે.નર્મદા વસાહતોને સ્પ ર્શતું તમામ રેકોર્ડ એજન્સીએ ગ્રામ પંચાયતને સોંપી દેવાનું રહેશે તેમજ વસાહતના તમામ રહેવાસીઓના મતાધિકાર અને પ્રતિનિધિત્વને લગતી બધી બાબતો સરકારની પ્રવર્તમાન જોગવાઈ અનુસાર ગ્રામ પંચાયતે સુનિશ્ચિત કરવાની તથા નર્મદા વસાહતોમાં આવેલા શાળા, દવાખાના, આંગણવાડી જેવી સુવિધાઓ સંબંધિત વિભાગને સરદાર સરોવર પુનઃ વસવાટ એજન્સીએ હસ્તાંતરણ કરવાની રહેશે.

વસાહતોમાં આવેલા કોમન પ્લોટ અને ખુલ્લી જગ્યાઓના વિસ્તારને વસાહતીઓની સાર્વજનિક સુવિધાઓના વિકાસ માટે સંબંધિત ગ્રામ પંચાયત ઉપયોગમાં લઈ શકશે.

હાલમાં ગુજરાતમાં બે રાજકીય પક્ષો ચેલેન્જની રાજનીતિ કરી રહ્યા છે

# આ પડકારનું રાજકારણ નથી, પરંતુ વિકાસનું રાજકારણ છે : ઋષિકેશ પટેલ

। પ્રતિનિધિ, ગાંધીનગર,તા.૧૪ ।

હાલમાં ગુજરાતમાં બે રાજકીય પક્ષો ચેલેન્જની રાજનીતિ કરી રહ્યા છે. બે ધારાસભ્યોએ એકબીજાને પડકાર ફેંક્યો છે. વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા અને મોરબીના ધારાસભ્ય કાંતિ અમૃતિયા વચ્ચે નાટક ચાલી રહ્યું છે. આ મામલે ઋષિકેશ પ ટેલનું નિવેદન બહાર આવ્યું છે.

ઋષિકેશ પટેલે કહ્યું કે આ પડકારનું રાજકારણ નથી, પરંતુ વિકાસનું રાજકારણ છે. સરકાર કાંતિ અમૃતિયાને રાજીનામાનો પાઠ ભણાવશે કે નહીં તે મુદ્દે ઋષિકેશ પટેલ મૌન છે. ગુજરાતમાં ફક્ત વિકાસનું રાજકારણ ચાલી રહ્યું છે. ખોડિયાર મંદિરને સિવિલ હોસ્પિટલમાં ખસેડવાના મુદ્દે પણ ઋષિકેશ પટેલ મૌન છે.કાંતિ અમૃતિયા-ગોપાલ ઈટાલિયા વિવાદ ચાલુ છે, કાંતિ અમૃ તિયાના સમર્થકો ગાંધીનગર પહોંચી ગયા હતા અને એવું કહેવામાં આવ્યું છે કે કાંતિ અમૃતિયા બપોરે ૧૨ વાગ્યે ગાંધીનગર પહોંચશે, સમર્થકો ઢોલ-નગારા સાથે ગાંધીનગર પહોંચી ગયા હતા અને કાંતિ અમૃતિયાની રાહ જોઈ રહ્યા હતા. જ્યારે પણ કોઈ ધારાસભ્ય રાજીનામું આપે છે, ત્યારે સૌથી પહેલું કામ વિધાનસભા અધ્યક્ષને જાણ કરવાનું હોય છે, પરંતુ આ વખતે ગોપાલ ઈટાલિયા કે કાંતિ અમૃતિયા બંનેમાંથી કોઈએ વિધાનસભા અધ્યક્ષને જાણ કરી નથી.હાલમાં ગુજરાતમાં બે રાજકીય પક્ષો ચેલેન્જની રાજનીતિ કરી રહ્યા છે.

## સરકારના મહત્વના વિભાગ જીઆઇડીસીમાં કરોડોનું કૌભાંડ, અલગ અલગ ચર્ચાઓ ચકડોળે

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૧૪ ।

સરકારના મહત્વના વિભાગ જીઆઈડીસીમાં કરોડોનું કૌભાંડ બહાર આવ્યું છે. તપાસમાં ચીફ ઈજનેર રમેશ ભગોરાના કાર્યકાળમાં આ કૌભાંડ થયું હોવાનું બહાર આવ્યું છે.જેમાં પ્રિન્સિપલ એકાઉન્ટ જનરલના ઓડિટ અહેવાલમાં ધડાકો થયો હતો. જેમાં ટેન્ડર પ્રક્રિયામાં ભગોરા દ્વારા ગોટાળા કરી કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે. રાજ્ય સરકારના નિમાયેલા ઓડિટરે કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો.તપાસમાં શરતો બદલી પોતાની માઈટી કંપનીઓને કોન્ટ્રાક્ટ આપ્યા હોવાનું પણ સામે આવ્યું છે. જેમાં રૂ. ૩૫ કરોડની રકમ ડાયરેક્ટ મંજૂર કરી હોવાના આક્ષેપ થયા છે. અગાઉ રમેશ ભગોરા વિરૂદ્ધ મુખ્યમંત્રી સુધી આ ફરિયાદ પહોંચી હતી. હાલ સમગ્ર કૌભાંડ બાબતે અલગ અલગ ચર્ચાઓ ચકડોળે ચઢી છે. સરકારના મહત્વના વિભાગ જીઆઈડીસીમાં કરોડોનું કૌભાંડ બહાર આવ્યું છે. તપાસમાં ચીફ ઈજનેર રમેશ ભગોરાના કાર્યકાળમાં આ કૌભાંડ થયું હોવાનું બહાર આવ્યું છે.

## દોહિત્રએ નાનાની હત્યા કરી લાશ સળગાવી દીધી, ભેદ ખૂલ્યો તો ચોંકાવનારો ખુલાસો થયો

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૧૪ ।

રાજકોટના રૈયાધાર પાસે આવેલા મફતિયાપરા વિસ્તારમાં મનસુખભાઈ ટાંક નામના ૭૩ વર્ષીય વૃદ્ધના ઘરમાં આગ લાગતા ધુમાડા નીકળતા હોવાની જાણ પાડોશીઓ તેમજ સગા સંબંધીઓ દ્વારા ફાયર બ્રિગેડને કરવામાં આવી હતી. ફાયર બ્રિગેડ દ્વારા સ્થળ પર પહોંચીને આગ પર કાબુ મેળવવામાં આવ્યો હતો. ત્યારે વૃદ્ધના ઘરમાં અંદર પહોંચેલી ફાયર બ્રિગેડની ટીમે અર્ધ સળગેલી હાલતમાં એક વૃદ્ધની લાશ જોઈ હતી. જેથી સમગ્ર મામલાની જાણ સ્થાનિક યુનિવર્સિટી પોલીસને કરવામાં આવતા પ ોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. તેમજ જરૂરી પંચનામાં સહિતની કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ મૃતકની લાશને પોસ્ટ મોર્ટમ અર્થે પીએમ રૂમ ખાતે ખસેડવામાં આવી હતી. પીએમ રિપોર્ટમાં વૃદ્ધનું મૃત્યુ આકસ્મિક નહીં પરંતુ તેમના માથાના ભાગે બોથડ પદાર્થના એકથી વધુ ઘા મારવામાં આવ્યા હોવાના કારણે થયું હોવાનું સામે આવ્યું હતું.પીએમ રિપોર્ટ આવ્યા બાદ એક વાત સ્પષ્ટ હતી કે વૃદ્ધની હત્યા થઈ છે. ત્યારે વૃદ્ધની હત્યા અન્ય કોઈએ નહીં પરંતુ જાણ ભેદુ વ્યક્તિ દ્વારા જ કરવામાં આવી હોવાનું પોલીસને લાગી રહ્યું હતું. કારણ કે પોલીસની પ્રાથમિક પૂછપરછમાં વૃ દ્ધની કોઈ સાથે દુશ્મનાવટ ન હોવાનું સામે આવ્યું હતું. તેમજ પોતે એકલવાયું નિવૃત્ત જીવન જીવતા હોવાનું પણ પોલીસને જાણવા મળ્યું હતું. ત્યારે પોલીસ દ્વારા મૃતકના પરિવારજનોની પૂછપરછ હાથ ધરવામાં આવી હતી. તેમજ તેમના નિવેદન પણ નોંધવામાં આવ્યા હતા. તો સાથો સાથ ઘટના સ્થળની આજુબાજુના વિસ્તારના સીસીટીવી ફૂટેજ પણ પોલીસ દ્વારા એકત્રિત કરવામાં આવ્યા હતા. ત્યારે પોલીસને હાથે લાગેલા સીસીટીવી ફૂટેજમાં મૃ તકનો દોહિત્ર બનાવના દિવસે બે વખત મૃતકના ઘરે આવ્યો હોવાનું તેમજ તેની એક્ટિવિટી શંકાસ્પદ હોવાનું પોલીસને જણાઈ આવ્યું હતું.







## તંત્રી લેખ...

# માતૃત્વ પ્રત્યે લોકાચાર

સમાજમાં મહિલાઓને આપવામાં આવતા સન્માનને લઈને નારા તો ખુબ લગાવવામાં આવે છે પરંતુ માતૃત્વના પ્રત્યે તે સંવેદનશીલતા લોકાચારમાં જોવા મળી રહી નથી જેની અપેક્ષા તમામ લોકો હમેંશા કરતા રહે છે. માતૃત્વ અવકાશ અને સંવેદનહીનતાની સ્થિતી પ્રવર્તી રહી છે. નોકરી કરતી મહિલાઓને માતૃત્વ સુરક્ષા અને પૌષણ માટે આરામ, સંતુલિત ભોજન અને ટેન્શનમુક્ત માહોલની જરૂર હોય છે પરંતુ અમારા દેશમાં આનો કેટલો અભાવ રહેલો છે તે બાબત નવજાત શિશુના મોતના આંકડાથી પણ જાણી શકાય છે. ખાસ કરીને નોકરી કરતી મહિલાઓ ગર્ભવતી થવાની સાથે જ તેના માટે નોકરીનુ સ્થળ નફા નુકસાન પર આધારિત એવુ સ્થાન બની જાય છે કે જ્યાં રજા લેવાની બાબત તેના માટે અભિશાપ સમાન બની જાય છે. સાથે સાથે પરત નોકરી પર ફરવાની બાબત તેના માટે ધુંધળી બની જાય છે. તાજેતરમાં જ કર્મચારીઓને મળનાર સુવિધાને લઈને ભારે ચર્ચા જામી હતી. કર્મચારીઓને મળનાર સુવિધા પર કામ કરનાર સંસ્થા ટીમલીઝના ૩૦૦ કંપનીઓને આવરી લઈને કરવામાં આવેલા અભ્યાસના તારણ જારી કરવામાં આવ્યા હતા. તેના અભ્યાસ બાદ જે સર્વેના તારણ જારી કરવામાં આવ્યા છે તે તમામ લોકોની આંખ ખોલે તેવા રહ્યા છે. તેના મુજબ વર્ષ ૧.૬ ટકાથી ૨.૬ ટકા મહિલાઓની નોકરી જઈ શકે છે. અથવા તો ૧૧ લાખથી ૧૮ લાખ મહિલાઓની નોકરીમાંથી હકાલપટ્ટી કરવામાં આવી શકે છે. જો કે વર્ષ ૨૦૧૮માં ભારતમાં નોકરી કરતી મહિલાઓમાટે કાર્યના સ્થળ પર સાનુકુળ વાતાવરણ સર્જવા અને તેના પરિવારની જવાબદારીની વચ્ચે સંતુલન જાળવવા માટે કાયદામાં ફેરફાર કરવામાં આવ્યા હતા. કાયદામાં ફેરફારો કરીને પ્રસુતિ રજાની અવધિ વધારી દેવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આને દેશ માટે મોટી સિદ્ધી તરીકે ગણાવીને કહ્યુ છે કે તેમના મનને ખુબ શાંતિ થઈ રહી છે. પોતાના મન કી બાત કાર્યક્રમમાં મોદી આ અંગેની વાત કરી ચુક્યા છે. ભારતમાં મહિલા કર્મચારીઓની સંખ્યા ૨૦૦૫માં ૩૭ ટકા હતી જે ઘટીને ૨૦૧૩માં ૨૭ ટકા થઈ ગઈ હતી. વધવાના બદલે મહિલા કર્મચારીઓની સંખ્યામાં ઘટવાની બાબત ચોક્કસપણે ચિંતાજનક છે. આઠ વર્ષમાં ૧૦ ટકાના ઘટાડાને કામકાજ કરતી મહિલાની જવાબદારીની સાથે જોડીને જોવામાં આવે છે. વડાપ્રધાન મોદીની આશાની બિલકુલ વિરુદ્ધમાં આ કાયદો નોકરી કરતી મહિલાઓની પરેશાની માટે કારણ બની ગયુ છે. કામકાજી મહિલાઓને માતૃત્વ સુરક્ષા અને પૌષણ માટે આરામ, સંતુલિત ભોજન અને ટેન્શનફ્રી માહોલની જરૂર હોય છે. પરંતુ અમારા દેશમાં આનો ભારે અભાવ રહેલો છે. આંકડા પરથી આ બાબત સાબિત થઈ જાય છે. અમારા દેશમાં નવજાત શિશુના મૃત્યુના આંકડા ખતરનાક અને ચિંતા ઉપજાવે તેવા રહેલા છે. વર્ષ ૨૦૦૮થી વર્ષ ૨૦૧૬ વચ્ચે ૧.૨૩ કરોડ બાળકોપોતાના પાંચમા જન્મદિનને પણ ઉજવી શક્યા નથી. એટલે કે અસમય કાળમાં ગ્રાસ થઈ ગયા છે. ખુબ જ સંવેદનશીલ બનીને આ દિશામાં હજુ વધારે ધ્યાન આપવાની જરૂર દેખાઈ રહી છે.

# ૧૧.૮ ટકા ભારતીય ડાયાબિટીગ્રસ્ત

દેશમાં ૫૦ વર્ષ અથવા તો વધારે વયના ૧૧.૮ ટકા ભારતીય હાલમાં ડાયબિટીસથી ગ્રસ્ત છે. નેસનલ ડાયપિટીસ એન્ડ ડાયબિટિક રેટિનોપેથી સર્વેમાં આ મુજબની માહિતી સપાટી પર આવી છે. વર્ષ ૨૦૧૫-૨૦૧૯ વચ્ચેના ગાળામાં આ આંકડો સપાટી પર આવ્યો છે. આ સર્વેની કામગીરી રાજેન્દ્રપ્રસાદ સેન્ટર ફોર ઓપ્થલમિક સાયન્સ દ્વારા જારી કરવામાં આવ્યો છે. સર્વેમાં ડાયાબિટીસ સંબંધિત રેટિનોપેથીને લઈને પણ મુલ્યાંકન કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં જાણવા મળ્યુ કે ૫૦ વર્ષથી વધુની વયના ૧૬.૯ ટકા લોકો ડાયાબિટિક રેટિનોપેથીથી ગ્રસ્ત છે. દેશમાં ૭૦થી ૭૯ વર્ષની વચ્ચેના લોકો આ બિમારીથી સૌથી વધારે અસરગ્રસ્ત છે. ૩.૮ ટકા જેટલા નવા મામલા સપાટી પર આવ્યા છે. ૧૨ ટકા પુરૂષો ડાયાબિટીસથી ગ્રસ્ત છે. આવી જ રીતે ૧૧.૭ ટકા મહિલાઓ આ બિમારીથી ગ્રસ્ત છે. ૧૧.૮ ટકા મામલા હળવા રેટનોપેથીના છે. સાત ટકા મામલા ડાયબિટિક મેકુલોપેથીના છે. ૩.૬ ટકા મામલા દ્રષ્ટિ સંબંધિત ડાયબિટિક રેટિનાપેથીના રહેલા છે. ૨.૧ ટકા ડાયાબિટીસના દર્દી અંધ છે. બીજી બાજુ વિશ્વ આરોગ્ય સંગઠના કહેવા મુજબ ભારતની વસ્તીમાં આશરે સાત કરોડની આસપાસ લોકોને ડાયાબિટીસની તકલીફ રહેલી છે. વૈશ્વિક ડાયાબિટીસના આંકડા જારી કરી દેવામાં આવ્યા છે. આ આંકડા ભારત માટે પણ સારા દેખાઈ રહ્યા નથી. નવા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે ભારતમાં સાત કરોડથી વધારે ડાયાબિટીસના દર્દીઓ છે. તેમાં ગયા વર્ષની સરખામણીમાં ઉલ્લેખનીય વધારો થયો છે. વર્ષ ૨૦૩૦ સુધી ભારતમાં ડાયાબિટીસનો આંકડો ૧૦૦ મિલિયનના આંકડાને પાર કરી જાય તેવી શક્યતા છે. અગાઉ ૮૭ મિલિયનનો આંકડો મૂકવામાં આવ્યો હતો. ભારતમાં મોતનો આંકડો પણ વધારે છે. આ વર્ષે ડાયાબિટીસના કારણે ૯૮૩૦૦૦ લોકોના મોત થઈ ચૂક્યા છે. ઈન્ટરનેશનલ ડાયાબિટીસ ફેડરેસન (આઈડીએફ) દ્વારા આંકડા જારી કરી દેવામાં આવ્યા છે. આઈડીએફએ કહ્યું છે કે ભારતમાં ૨૦થી ૭૯ વર્ષની વયમાં ડાયાબિટીસના દર્દીઓનો આંકડો સૌથી વધારે છે. ભારત ચીન બાદ એવું બીજું દેશ છે જેમાં આંકડો ખૂબ વધારે છે. ભારતમાં આવનાર દેશોમાં આ સમસ્યા વધુ ગંભીર બની શકે છે. ભારતમાં ટાઈપ-૧ ડાયાબિટીસના દર્દીઓની સંખ્યા પણ ૧૧૨૦૦૦ની આસપાસ છે. આંકડા ચિંતાજનક છે કારણ કે ડાયાબિટીસની સમસ્યા હવે નિયમિત સારવારથી થઈ શકે છે.



આજકાલ

લેખક : દીપક જગતાપ

## નાસાએ આપી ચેતવણી! ૨૦૩૦માં વિનાશક સમુદ્રી પૂર આવશે

**ચંદ્રની ભ્રમણકક્ષામાં થોડી પણ 'હલચલ' થશે તો સમુદ્રનું સ્તર વધશે અને ૨૦૩૦ના દાયકામાં વિનાશક પૂર આવશે. નાસાના એક અભ્યાસ મુજબ ૯ વર્ષ બાદ દુનિયા પર પૂરનો ખતરો જોવા મળશે. અધ્યયનમાં કહેવામાં આવ્યું છે કે, તેની સૌથી મોટી અસર અમેરિકા પર જોવા મળશે.**

# જો ચંદ્રની કક્ષામાં થોડી હલચલ આવશે તો ચંદ્ર પરની હલચલથી વિશ્વને ખતરો

**આપણે ચંદ્રની ભ્રમણકક્ષામાં થતી હિલચાલને કારણે સર્જાતા વિનાશને ટાળવું હોય તો, દુનિયાએ અત્યારથી બચાવ યોજનાઓ બનાવવી પડશે.**





નાસાએ એક અભ્યાસ હાથ ધર્યો છે, જેમાં કહેવામાં આવ્યું છે કે જો ચંદ્રની ભ્રમણકક્ષામાં થોડી પણ 'હલચલ' થશે તો સમુદ્રનું સ્તર વધશે અને ૨૦૩૦ના દાયકામાં વિનાશક પૂર આવશે. નાસાના એક અભ્યાસ મુજબ ૯ વર્ષ બાદ દુનિયા પર પૂરનો ખતરો જોવા મળશે. અધ્યયનમાં કહેવામાં આવ્યું છે કે, તેની સૌથી મોટી અસર અમેરિકા પર જોવા મળશે. વિશ્વભરમાં હવામાનમાં ફેરફાર થઈ રહ્યા છે, અનેક સ્થળોએ ચક્રવાત તોફાન અને પૂરની સંખ્યામાં વધારો થયો છે. થોડા દિવસો પહેલા અમેરિકામાં પણ અનેક ચક્રવાત, વાવાઝોડા જોવા મળ્યા હતા. હવે આ અધ્યયનમાં ખુલાસો થયો છે કે, જો ચંદ્રની કક્ષામાં થોડી હલચલ આવશે તો, વિશ્વમાં ભયંકર પૂર આવશે અને યુ.એસ.ના દરિયાકાંઠે સૌથી વધુ નુકસાન ભોગવવું પડશે. જો આપણે ચંદ્રની ભ્રમણકક્ષામાં થતી હિલચાલને કારણે સર્જાતા વિનાશને ટાળવું હોય તો, દુનિયાએ અત્યારથી બચાવ યોજનાઓ બનાવવી પડશે. નાસાના અધ્યયન મુજબ ચંદ્ર હંમેશાં સમુદ્રના તરંગોને અસર કરે છે. ચંદ્રમાં હલચલ થયા પછી, વિશ્વના ઘણા ભાગોમાં પૂર આવશે. તેના કારણે વિશ્વના ઘણા દેશોમાં વિનાશક પૂરની સમસ્યા ઉભી થશે. અમેરિકામાં આની સૌથી વધુ અસર જોવા મળી શકે છે. કારણ કે આ દેશમાં દરિયાકાંઠાના પર્યટક સ્થળો વધુ છે. અભ્યાસના મુખ્ય લેખક અને હવાઈ યુનિવર્સિટીના સહાયક પ્રોફેસર ફિલ થોમ્પસનએ કહ્યું કે, ચંદ્રની ભ્રમણકક્ષામાં 'હલચલ' પૂર્ણ થવામાં ૧૮.૬ વર્ષ લાગે છે. અહીં આપણે ચંદ્રની હિલચાલ વિશે જાણવાની જરૂર છે. થોમ્પસન સમજાવે છે કે, ચંદ્રમાં હિલચાલ હંમેશાં જોવા મળે છે, પરંતુ તેને ખતરનાક બનાવનારી વાત એ છે કે, ગ્રહ ગરમ થવાના કારણે સમુદ્રનું સ્તર વધશે. આ હલચલનું ચક્ર ૨૦૩૦ના દાયકાના મધ્યમાં પૂર્ણ થવાની અપેક્ષા છે અને સમુદ્રના વધતા સ્તર સાથે વિનાશક પૂર આવી શકે છે. નાસાની વેબસાઈટ અનુસાર, ચંદ્ર તેની લંબગોળ કક્ષાની ભ્રમણકક્ષા બનાવે છે, તો તેનો વેગ બદલાઈ જાય છે, જેથી "પ્રકાશ બાજુ" નો આપણો મત જુદા જુદા ખૂણા પર દેખાય છે. આ તે જ છે જે ચંદ્રમાં હલનચલનનું કારણ બને છે. થોમ્પસનએ કહ્યું છે કે, જો એક મહિનામાં ૧૦-૧૫ વખત આવા ખતરનાક પૂર આવ્યા તો, જન-જીવન ખરાબ રીતે પ્રભાવિત થશે. લોકોના ધંધા-રોજગાર અટકી પડશે. પાણી ભરવાથી મચ્છર, રોગો થઈ શકે છે. ગ્લોબલ વોર્મિંગને કારણે વિશ્વભરના બરફ અને હિમનદીઓ સતત પીગળી રહ્યા છે, જેના કારણે દરિયાની સપાટી વધી રહી છે. આવી સ્થિતિમાં, નાસાની આ આગાહી બાદ વિશ્વએ ચેતવવું જોઈએ અને અત્યારથી જ બચાવ યોજનાઓ બનાવવી જોઈએ.



## બાળકોના યોગ્ય અને આદર્શ વિકાસમાં પિતાની ભૂમિકા હોય છે...

**બાળકોના પિતાની સાથે જેટલા સારા સંબંધ હોય છે બાળકો ભણવામાં એટલા જ હોશિયાર હોય છે તે અભ્યાસમાં હમેંશા સારો દેખાવ કરે છે શુન્યથી પાંચ વર્ષના બાળકોની સાથે પિતા સારો સમય ગાળે છે**

# પિતાની સાથે બાળકોને હમેંશા ફાયદો

**એક બાળક માટે પિતાની ઉપસ્થિતિ કેટલી જરૂરી હોય છે તે બાબત પણ સાબિત થઇ ચુકી છે : પિતા ઘરમાં શિસ્ત જાળવે છે છતાં આદર્શ છે**



પિતા સાથે હોય તો બાળકોને જીવનભર ફાયદા મળે છે. બાળકોના યોગ્ય અને આદર્શ વિકાસ માટે પિતાની નિર્ણાયક ભૂમિકા રહેલી છે. પિતા હોવાની સ્થિતીમાં બાળકોને રાહત મળે છે. એક બાળકની લાઈફમાં જેટલુ મહત્વ માતા ધરાવે છે તેટલુ જ મહત્વ પિતાનુ પણ રહેલુ છે. બાળકોના જતનમાં અને પરવરિશમાં માતાપિતા એમ બંનેની ભૂમિકા રહેલી છે. હમેંશા એવી જ વાત કરવામાં આવે છેકે માતા સાથે હોય તો બાળકોના પરવરિશમાં કોઈ તકલીફ આવતી નથી. પરંતુ વાસ્તવિકતા એ છે કે પિતાની પણ ચાવીરૂપ ભૂમિકા હોય છે.

પિતાની હાજરી પણ બાળકો માટે જરૂરી હોય છે. ભલે બાળકોને પિતા દ્વારા ઘરમાં બનાવવામાં આવેલા શિસ્તના માહોલ પસંદ આવતા નથી પરંતુ પિતા હોવાનો લાભ બાળકોને હમેંશા મળે છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે જે પિતા પોતાના નવજાત શિશુની દેખરેખ જેમ કે તેમને બોટલથી દુધ પિવડાવવા અને નેપી બદલવા જેવા કામ કરે છે તે બાળકોમાં કોલિક થવાનો ખતરો ઓછો રહે છે. કોલિક બાળકો ત્રણ કલાક કરતા વધારે સમય સુધી રડતા રહે છે. એક અન્ય અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે જે બાળકોના પિતા શરૂઆતી મહિનામાં તેમની સાથે વધારે રમે છે અને એક્ટિવ રહે છે તે બે વર્ષની વય સુધી કોગ્નિટિવ ટેસ્ટમાં વધારે સારો દેખાવ કરે છે. બાળકોના પિતાની સાથે જેટલા સારા સંબંધ હોય છે બાળકો ભણવામાં એટલા જ હોશિયાર હોય છે. તે અભ્યાસમાં હમેંશા સારો દેખાવ કરે છે. શુન્યથી પાંચ વર્ષના બાળકોની સાથે પિતા સારો સમય ગાળે છે. તે બાળકોના આઈક્યુ સારા રહે છે. જે બાળકોના પિતા સમય ઓછો ગાળે છે તેમના બાળકોના આઈક્યુ પ્રમાણમાં નબળા રહે છે. એક નવા અભ્યાસની વાત કરવામાં આવે તો પિતાની સાથે મજબુત સંબંધ અને ભાવનાત્મક સંબંધ જોડાવ હોવાના કારણે બાળકોના વ્યવહારમાં અસર જોવા મળે છે. આ પ્રકારન બાળકોમાં વ્યવહાર સાથે સંબંધિત સમસ્યા ઓછી જોવા મળે છે.

પિતા સાથે હોય તો બાળક સ્કુલમાં પણ સારો દેખાવ કરે છે. આ પ્રકારના બાળકો અન્યો સાથે વાત કરવાના મામલે વધારે આત્મવિશ્વાસી હોય છે. તેમનામાં નવી બાબતો શિખવાની ઈચ્છાશક્તિ હોય છે. મોટા થયા બાદ આ બાળકો જોખમ લેવામાં પીછેહટ કરતા નથી. આ પ્રકારના બાળકો પોતાના દ્વારા પસંદ કરવામાં આવેલા ક્ષેત્રોમાં સફળ રહેવાની શક્યતા વધારે રહે છે. જે બાળકોના પિતા તેમની સાથે રહે છે તે બાળકો હમેંશા વધારે ખુશ રહે છે.

બાળકોને સ્કુલથી લાવવા , પાર્કમાં તેમની સાથે રમવાની બાબત અને અન્ય એક્ટિવીટી ફાયદો કરાવે છે. આ જ તમામ કારણોસર પિતાની નિર્ણાયક ભૂમિકા બાળકોના યોગ્ય વિકસમાં હોય છે. આના કારણે બાળકોને વધારે ફાયદો થાય છે. પિતાની હમેંશા નિર્ણાયક ભૂમિકા રહે છે તે બાબત સર્વે અને અભ્યાસમા ંપણ સાબિત થઈ ચુકી છે. માતાની બાળકોની પરવરિશમાં ભૂમિકાને લઈને તો કેટલાક દાવા પહેલાથી જ કરવામાં આવી ચુક્યા છે. જો કે બાળકોના વિકાસ અને પરવરિશમાં વધારે ભૂમિકા સારી કોની છે તે બાબત પર કોઈ તારણ આવ્યા નથી. મોટા ભાગના લોકો કહે છે કે બાળકોના વિકાસમાં માતાપિતા બંનેની એક સમાન ભૂમિકા રહેલી છે. એક બાબત ઉભરીને એવી પણ આવી છે કે બાળકોને ઘરમાં રાખવામાં આવતા શિસ્તના કારણે પરેશાની આવે છે. કેટલાક બાળકો આને લઈને દુખી રહે છે. પિતા દ્વારા ઘરમાં મોટા ભાગે શિસ્ત રાખવામાં આવે છે.

ઘરમાં શિસ્ત રાખવા માટેની જવાબદારી પિતાની હોય છે. જેથી બાળકો કેટલીક વખત પરેશાન છે. તેમને પિડા થાય છે. જો કે પિતા બાળકોની લાઈફમાં હમેંશા લાભ કરાવે છે. પિતાની સાથે કોઈની તુલના શક્ય નથી. કારણ કે પિતા કોઈ પણ પરિસ્થિતીમાં બાળકોની ઈચ્છા પૂર્ણ કરવા માટે કટિબદ્ધ રહે છે. બાળકોના જતન માટે પિતા રાતદિવસ કામ કરે છે.દર વર્ષે હવે તો ફાધર્સ ડે અને મધર ડે પણ ઉજવવામાં આવે છે. જે દરમિયાન આધુનિક સમયમાં તો માતાપિતાનુ બાળકો દ્વારા હવે સન્માન કરવામાં આવે છે. ઘરમાં જુદી જુદી રીતે આને મનાવવામાં આવે છે. આ પરંપરા મોટા ભાગે ભારતની બહાર જોવા મળે છે.

## સફળતા માટે ડરને બિલકુલ દુર કરો । સક્સેસ ફંડા : સપના પૂર્ણ કરવા માટે મહેનત-ટાર્ગેટ ખુબ જરૂરી

# બિલ ગેટ્સે પોતાના ઘરની પાછળના રૂમથી બિઝનેસની શરૂઆત કરી હતી : કલામ લોકોને ઘરે ઘરે જઇને અખબાર પહોંચાડતા હતા



જો તમે જીવનમાં એક સફળ વ્યક્તિ બનવા માટે વિચારી રહ્યા છો તો સૌથી પહેલા તો પોતાના સપનાને જીવવા માટે શરૂ કરવાની જરૂર છે. મનના દરેક ડરને દુર કરવાની જરૂર છે. નિષ્ફળતાને લઈને ચિંતા કરવાની કોઈ જરૂર નથી. યોગ્ય પ્લાનિંગની સાથે કામ કરવામાં આવે તો જરૂરી છે. જો આવુ કરવામાં આવશે તો સફળતા તમામ ચરણને સ્પર્શ કરી શકે છે. કહેવત છે કે ડરની આગળ જીત છે.

લાઈફમાં માનવીને હમેંશા પોતાની વિચારધારાની મર્યાદાને મોટી રાખવાની જરૂર હોય છે. કહેવામાં આવે છે કે કોઈ પણ લક્ષ્ય માનવીના સાહસથી મોટા નથી. એ જ વ્યક્તિ હારી જાય છે તે વ્યક્તિ ક્યારેય લડતી નથી. ખુબ ઓછા લોકો જાણે છે કે દુનિયાના સૌથી અમીર વ્યક્તિ બિલ ગેટ્સે પોતાના ઘરની પાછળના રૂમથી બિઝનેસની શરૂઆત કરી હતી. પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામે પણ ઘરે ઘરે જઈને અખબાર લોકોને આપવા માટેનુ કામ કર્યુ હતુ. રાઈટ બ્રધર્સના પણ એરોપ્લેનના પ્રોટોટાઈપ પહેલા કેટલીક વખત ફલોપ થઈ ગયા હતા. પરંતુ આ તમામની વિચારધારા ખુબ ઉંચી હતી.

વિચારો ઉંચા હતા. સપના ઉંચા હતા. સાથે સાથે સખત પરિશ્રમની તાકાત હતી. કઈ કરી બતાવવાની ઈચ્છાશક્તિ તેમનામાં ભરેલી હતી. એવુ નથી કે તેમને કોઈ ચીજના ડર ન હતા. નિષ્ણાંત લોકો કહે છે કે પ્લાનની સાથે જો આગળ વધવામાં આવશે તો ડર નહીં બલ્કે મંજિલ સામે જોઈ શકાશે. જો તમે કોઈ સપના જોઈ રહ્યા છો અને કોપિણ પ્લાનિંગ વગર તમે કોઈ સપનાની પાછળ દોડી રહ્યા છો તો એક દિવસે હતાશા જ હાથ લાગનાર છે. જેથી સૌથી પહેલા હકીકતને સમજીને લઈને તેના મુજબ આગળ વધવા માટેની રણનિતી તૈયાર કરવામાં આવે તે જરૂરી છે. ત્યારબાદ તેના અનુરૂપ સપનાને સાકાર કરવા માટે પ્રયાસ પૂર્ણ તાકાત સાથે કરવાની જરૂર હોય છે. જો તમે કોઈ ઉંચા પર્વતના શિખરને સ્પર્શ કરવા માટે ઈચ્છુક છો તો પહેલા પર્વતારોહણની ટ્રેનિંગ લેવાની જરૂર હોય છે. ત્યાંના હવામાન સહિતની તમામ બાબતો અંગે માહિતી મેળવી લેવી પડશે. ત્યાંની માટી જીવજતુ સહિતની ચીજો અંગે માહિતી મેળવી લેવી પડશે. આવી જગ્યાએ કામમાં આવનાર સાધનોની માહિતી પણ મેળવી લેવી પડશે.

સૌથી મહત્વપૂર્ણ બાબત તો આ આપના આરોગ્યની માહિતી મેળવી લેવી પડશે. આંતરિક પ્રેરણાના સ્તરને ધ્યાનમાં લેવાની જરૂર છે. આ તમામ પ્રકારની માહિતી વગર શિખર પર પહોંચી જવાના પ્રયાસ કરવામાં આવશે તો અંતમાં નિરાશા હાથ લાગશે. જીવન એક શિક્ષક તરીકે છે. યાદ રાખવા જેવી બાબત છે કે હકીકત હમેંશા કડવી હોય છે. જીવન દરેક ક્ષણમાં તમારી કસોટી કરે છે. તમારે એ સમજી લેવાની જરૂર નથી કે તે આપના પ્રિયની જેમ કામ કરી રહ્યા છે.

સમય આપના કઠોર શિક્ષકની જેમ સતત પરીક્ષા કરે છે. જો તમે આ સારા વિદ્યાર્થીની જેમ જીવનરૂપી શિક્ષકના છત્ર હેઠળ પરીક્ષા આપી રહ્યા છો તો તમને ચોક્કસપણે સફળતા મળી શકે છે. આધુનિક સમયમાં સફળતા હાંસલ કરવા માટે વ્યક્તિ દરેક પ્રકારના પ્રયાસ કરે છે. દિન રાત એક કરે છે. ખુબ મહેનત કરે છે. આવી તમામ પ્રકારની પ્રક્રિયા અપનાવવામાં આવી હોવા છતાં કેટલાક લોકોને સફળતા મળતી નથી. સાથે સાથે કેટલાક લોકોને તરત જ સફળતા મળે છે. આવી બાબત પણ જોવા મળે છે. જો કે સફળતા હાંસલ કરવા માટે સૌથી ઉપયોગી બાબત તો ભયને દુર કરીને આગળ વધવાની જરૂર છે. જોખમ લીધા વગર પણ કેટલીક વખત સફળતા હાંસલ થતી નથી. આ તમામ બાબતો પર ધ્યાન આપીને સફળતા હાંસલ કરી શકાય છે. હાલના સમયમાં દરેક ક્ષેત્રમાં સ્પર્ધા વધી રહી છે.

આવી સ્થિતીમાં સફળતા હાંસલ કરવા માટે શારરિક ફિટનેસ પણ ઉપયોગી બની ગઈ છે. નિયમિત રીતે પોતાના કામ ન કરનાર વ્યક્તિને પણ સફળતા મળતી નથી. આવી સ્થિતીમાં શારરિક ફિટનેસ પણ જરૂરી છે. નોકરીના સ્થળ પર વારંવાર રજા પાડનાર વ્યક્તિ પણ સફળતા હાંસલ કરી શકતા નથી. કારણ કે તેમના પર અન્યો અને જવાબદાર લોકો વિશ્વાસ મુકતા નથી. કામ પ્રત્યે સમર્પણ ભાવના પણ ખુબ ઉપયોગી છે.




Cyber Octet™

CYBER SECURITY AND
ETHICAL HACKING
TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST
WITH FALGUN RATHOD

Learn Ethical Hacking & Cyber Security

WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

TRAINING BY:- THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com



દેશની તમામ સરકારી કેન્ટીન અને રેસ્ટોરન્ટમાં સમોસા અને જલેબી સંબંધિત સ્વાસ્થ્ય ચેતવણી બોર્ડ લગાવવાનું ફરજિયાત

# હવે સમોસા અને જલેબીની દુકાનો પર પણ 'સ્વાસ્થ્ય ચેતવણી' લગાવવી પડશે

। નવીદિલ્હી,તા.૧૪ ।

હવે દેશની તમામ સરકારી કેન્ટીન અને રેસ્ટોરન્ટમાં સમોસા અને જલેબી સંબંધિત સ્વાસ્થ્ય ચેતવણી બોર્ડ લગાવવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું છે. ભારત સરકારે આ સંદર્ભમાં એક સૂચના જારી કરી છે. આ અંતર્ગત, જ્યાં પણ સમોસા અને જલેબી વેચાય છે, ત્યાં દિવાલો પર આરોગ્ય ચેતવણીઓ લગાવવી ફરજિયાત છે. ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા તમામ કેન્દ્રીય સંસ્થાઓને તેલ અને ખાંડનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. બોર્ડ લગાવવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ સ્થળોએ રંગબેરંગી પોસ્ટરોમાં જણાવવામાં આવશે કે દરરોજ નાસ્તામાં કેટલી ખાંડ અને તેલનો ઉપયોગ કરવો જોઈએ. ઉમેરવામાં આવ્યું છે.આરોગ્ય નિષ્ણાતોના મતે, સ્થૂળતા એક શાંત રોગ બની ગઈ છે. અને ૨૦૫૦ સુધીમાં આ સંખ્યા વધીને ૪૪.૯ કરોડ થવાની ધારણા છે. આવી સ્થિતિમાં, સરકારનું આ પગલું ખૂબ જ પ્રશંસનીય છે. નિષ્ણાતો કહે છે કે સ્થૂળતાને નિયંત્રિત કરવા માટે આ નિર્ણય ખૂબ જ મહત્વપૂર્ણ છે. નિષ્ણાતે કહ્યું કે જેમ સિગારેટ અને તમાકુ વેચતી દુકાનો પર ચેતવણી બોર્ડ લાગેલા છે, તેવી જ રીતે સમોસા જલેબી વેચતા વિક્રેતાઓએ પણ ચેતવણી સાથે વેચાણ કરવું પડશે.નાગપુરના પ્રખ્યાત કાર્ડિયોલોજિસ્ટ ડૉ. અમર આમલેએ કહ્યું હતું કે આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા જારી કરાયેલા આદેશમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે હવે સમોસા અને જલેબી જેવી ખાદ્ય ચીજો વેચતા વિક્રેતાઓ પર ચેતવણી હશે.

હરપાલ સિંહ ચીમાએ પ્રેસ કોન્ફરન્સમાં કોંગ્રેસ અને ભાજપ પર આકરા પ્રહાર કર્યા

# ગુજરાત જેલમાંથી લોરેન્સ બિશ્નોઈ આતંક ફેલાવી રહ્યા છે પંજાબના મંત્રી ચીમાએ ભાજપ પર ગંભીર આરોપ લગાવ્યા

**આપ મંત્રીએ કહ્યું કે કોંગ્રેસ અને ભાજપના નેતાઓ હવે ખોટી એફઆઈઆર દાખલ કરીને આપને ચૂપ કરવાનું કાવતરું ઘડી રહ્યા છે. તેમણે ખુલાસો કર્યો કે, અમે બે દિવસ માટે વિધાનસભા સત્રની જાહેરાત કરી હતી**

। ચંડીગઢ, તા.૧૪ ।

પંજાબના નાણામંત્રી અને આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા હરપાલ સિંહ ચીમાએ શનિવારે એક પ્રેસ કોન્ફરન્સમાં કોંગ્રેસ અને ભાજપ પર આકરા પ્રહાર કર્યા. તેમણે આરોપ લગાવ્યો કે બંને પક્ષો ડ્રગ તસ્કરો અને ગુંડાઓને બચાવવા માટે સાથે મળીને કામ કરી રહ્યા છે. તે જ સમયે, આપ ખોટી એફઆઈઆર અને રાજકીય દબાણ દ્વારા ડ્રગ્સ વિરુદ્ધ સરકારના અભિયાનને નબળું પાડવાનો પ્રયાસ કરી રહી છે.



આપ મંત્રીએ કહ્યું કે કોંગ્રેસ અને ભાજપના નેતાઓ હવે ખોટી એફઆઈઆર દાખલ કરીને આપને ચૂપ કરવાનું કાવતરું ઘડી રહ્યા છે. તેમણે ખુલાસો કર્યો કે, અમે બે દિવસ માટે વિધાનસભા સત્રની જાહેરાત કરી હતી, તેનાથી ગભરાઈને, કોંગ્રેસના વિપક્ષી નેતા પ્રતાપ બાજવાએ ચંદીગઢ પોલીસનો સંપર્ક કર્યો અને ઓનલાઈન ફરિયાદ નોંધાવી. માત્ર ૨૪ કલાકમાં, મારી અને આપ પંજાબના પ્રમુખ અમન અરોરા સામે એફઆઈઆર નોંધાઈ. આ ખૂબ જ આશ્ચર્યજનક છે.

ચીમાએ ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર અને રાજ્યપાલ શાસિત ચંદીગઢ પોલીસ પર રાજકીય રીતે પ્રેરિત એફઆઈઆર ઝડપથી નોંધવાનો આરોપ લગાવ્યો, જ્યારે હજારો કાયદેસર ફરિયાદો હજુ પણ પેન્ડિંગ છે. તેમણે કોર્ટમાં રજૂ કરાયેલા ચંદીગઢ પોલીસના સોગંદનામાના સત્તાવાર આંકડા ટાંક્યા, જેમાં જણાવાયું હતું કે ૧૫ મે, ૨૦૨૪ સુધીમાં, ૭,૦૬૭ ફરિયાદો પેન્ડિંગ હતી, જેમાંથી ઘણી સાયબર ક્રાઈમ, છેતરપિંડી અને ચોરી સાથે સંબંધિત હતી.ચીમાએ કહ્યું કે આ બતાવે છે કે કોંગ્રેસ અને ભાજપ વાસ્તવિક ગુનેગારોને અવગણીને આપ નેતાઓને કેવી રીતે ફસાવવાનું કાવતરું ઘડી રહ્યા છે. પરંતુ અમે આથી ડરતા નથી. અમે કાયદાનો સામનો કરવા તૈયાર છીએ. અમે ક્યારેય સત્ય બોલવાનું બંધ કરીશું નહીં. ચીમાએ જણાવ્યું કે કેવી રીતે આમ આદમી પાર્ટીએ ૨૦૧૭ માં પહેલીવાર પંજાબ ચૂંટણી લડી હતી, જ્યારે મુખ્ય મુદ્દાઓ ડ્રગ્સનું વ્યસન, બેરોજગારી અને કૃષિ સંકટ હતા.તેમણે કહ્યું કે ડ્રગ્સનું વ્યસન સૌથી ગંભીર ચિંતાનો વિષય હતો અને તે સમયે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીએ પણ કહ્યું હતું કે અકાલી-ભાજપ ગઠબંધનને કારણે પંજાબના ૭૦ ટકા યુવાનો ડ્રગ્સની લતમાં છે.

ચીમાએ કહ્યું કે ૨૦૧૭ માં કોંગ્રેસે ચાર અઠવાડિયામાં ડ્રગ્સનું વ્યસન નાબૂદ કરવાનું વચન આપ્યું હતું. તેમના મુખ્યમંત્રીએ પણ તલવંડી સાબો નજીક એક રેલીમાં પવિત્ર ગુટકા સાહિબ પર શપથ લીધા હતા.

## ભારતમાં બાળકો સાથે જંગલની ગુફામાં રહેતી રશિયન મહિલાનું રેસ્ક્યૂ

। બેંગ્લુરૂ, તા.૧૪ ।

વિઝા ભારતમાં બાળકો સાથે જંગલની ગુફામાં રહેતી રશિયન મહિલા અને તેના બે બાળકોને કર્ણાટકની ગોકર્ણ ગુફામાંથી રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે. પોલીસે જણાવ્યું હતું કે, મહિલા બિઝનેસ વિઝા માટે ભારત આવી હતી. જેના વર્ષ ૨૦૧૭માં વિઝા એક્સપાયર થયા હતા. મહિલાએ જણાવ્યું કે, તે હિંદુ ધર્મ અને અધ્યાત્મથી પ્રેરિત થઈને ગોવાના ગોકર્ણ પહોંચી હતી. મળતી માહિતી મુજબ, ૪૦ વર્ષ મહિલાની ઓળખ મોહી તરીકે થઈ છે. મોહી છેલ્લા બે અઠવાડિયાથી ઉત્તર કન્નડ જિલ્લામાં સ્થિત રામતીર્થ ટેકરીઓમાં આવેલી એક પ્રાકૃતિક ગુફામાં રહેતી હતી. મહિલાની સાથે તેની બે બાળકી પ્રેયા અને અમા પણ ગુફાની અંદર સામાન્ય ઘર બનાવીને રહેતા હતા. મહેલાએ જણાવ્યું કે, તે પોતાનો મોટાભાગનો સમય ધ્યાન અને પૂજામાં વિતાવતી હતી.ગોકર્ણ પોલીસે સમગ્ર મામલે જણાવ્યું હતું કે, પોલીસ જ્યારે પેટ્રોલિંગ કરી રહી હતી, ત્યારે તેમને એક ગુફાની બહાર કપડાં ટીંગાયેલા જોવા મળ્યા હતા. આ પછી પોલીસ અધિકારી જંગલમાં આવેલી એ ગુફા સુધી પહોંચ્યા, જ્યાં તેમને રશિયન મહિલા મોહી અને તેના બે બાળકો મળ્યા. જ્યારે હવે આ મહિલાને ગોકર્ણથી બેંગલુરુ અને પછી ડિપોર્ટેશનની પ્રક્રિયા શરૂ કરી છે. એક સ્થાનિક NGOની મદદથી રશિયાના દૂતાવાસનો સંપર્ક કરવામાં આવ્યો છે.

## રોબર્ટ વાડ્રા ઈડી સમક્ષ હાજર થયા; સંજય ભંડારી સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં પૂછપરછ

। નવીદિલ્હી, તા.૧૪ ।

કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાના પતિ અને જાણીતા ઉદ્યોગપતિ રોબર્ટ વાડ્રા સોમવારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ સમક્ષ હાજર થયા. બ્રિટિશ આર્મ્સ કન્સલ્ટન્ટ સંજય ભંડારી સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં તેમની પૂછપરછ કરવામાં આવી હતી. મની લોન્ડરિંગ પ્રિવેન્શન એક્ટ હેઠળ વાડ્રાનું નિવેદન નોંધવામાં આવ્યું હતું.૫૬ વર્ષીય વાડ્રા સવારે ૧૧ વાગ્યા પછી મધ્ય દિલ્હીમાં ફેડરલ ઈન્વેસ્ટિગેશન એજન્સીની ઓફિસ પહોંચ્યા. તેમની સાથે કેરળની વાયનાડ લોકસભા બેઠકના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રા પણ હતા. ગયા મહિને એજન્સી દ્વારા રોબર્ટ વાડ્રાને તેમનું નિવેદન નોંધાવવા માટે બોલાવવામાં આવ્યા હતા, પરંતુ તેમણે વિદેશ પ્રવાસને કારણે તેમના સમન્સ મુલતવી રાખવા વિનંતી કરી હતી.કેન્દ્રીય તપાસ એજન્સી તેમની પૂછપરછ ત્રણ અલગ અલગ મની લોન્ડરિંગ કેસોમાં કરી રહી છે, જેમાં આ કેસનો પણ સમાવેશ થાય છે. અન્ય બે કેસ જમીન સોદાઓમાં કથિત ગેરરીતિઓ સાથે સંબંધિત છે. ૨૦૧૬ માં આવકવેરા વિભાગે દિલ્હીમાં દરોડા પાડ્યા પછી તરત જ ૬૩ વર્ષીય ભંડારી લંડન ભાગી ગયા હતા. તાજેતરમાં, દિલ્હીની એક કોર્ટે તેમને ભાગેડુ આર્થિક ગુનેગાર જાહેર કર્યા છે.

ટ્રેનના ૭૪૦૦૦ કોચ અને ૧૫૦૦૦ એન્જિનમાં સીસીટીવી લગાવાશે

# દેશભરની ટ્રેનોના એન્જિન અને તમામ કોચમાં લગાવાશે સીસીટીવી કેમેરા । કેન્દ્ર સરકારનો નિર્ણય

**સરકારની આ પહેલથી ટ્રેનોમાં થતી ચોરી સહિતની ઘટનાઓ અટકાવી શકાશે તેમજ ખાસ કરીને મહિલાઓની પણ સુરક્ષા જાળવી શકાશે । ઉત્તર રેલવેની કેટલીક ટ્રેનોમાં પરિક્ષણ હેઠળ સીસીટીવી લગાવવાની શરૂઆત કરી દેવાઈ**

। નવીદિલ્હી, તા.૧૪ ।

દેશભરની તમામ ટ્રેનો વધુ અત્યાધુનિક અને સુરક્ષિત બનાવવા માટે કેન્દ્ર સરકારે મોટો નિર્ણય લીધો છે. સરકારે મુસાફરોની સુરક્ષા વધારવા માટે તમામ ટ્રેનોના એન્જિન અને કોચમાં સીસીટીવી કેમેરો લગાવવાનો નિર્ણય કર્યો છે. સરકારની આ પહેલથી ટ્રેનોમાં થતી ચોરી સહિતની ઘટનાઓ અટકાવી શકાશે તેમજ ખાસ કરીને મહિલાઓની પણ સુરક્ષા જાળવી શકાશે. મુસાફરોની ગોપનીયતા જાળવવા માટે દરવાજા નજીક સામાન્ય અવરજવર વિસ્તારમાં સીસીટીવી કેમેરા લગાવાશે.રેલવે મંત્રાલયના નિર્ણય મુજબ ટ્રેનના તમામ કોચમાં ચાર-ચાર સીસીટીવી કેમેરા લગાવાશે, જ્યારે એન્જિનમાં છ કેમેરા લગાવવાશે. ઉત્તર રેલવેની કેટલીક ટ્રેનોમાં પરિક્ષણ હેઠળ



સીસીટીવી લગાવવાની શરૂઆત કરી દેવાઈ છે. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ (Railways Minister Ashwini Vaishnaw) અને રાજ્ય રેલવે મંત્રી રનવીત સિંહ બિટ્ટુએ સીસીટીવી કામગીરીની સમીક્ષા કરી છે. દેશભરમાં ૭૪૦૦૦ કોચ અને ૧૫૦૦૦ એન્જિનમાં સીસીટીવી લગાવવા માટે રેલવે મંત્રીએ મંજૂરી આપી દીધી છે.

પ્રત્યેક ટ્રેનના કોચમાં ચાર ડોમ સીસીટીવી કેમેરા, પ્રત્યેક દરવાજા પર બે અને પ્રત્યેક એન્જિનમાં છ સીસીટીવી કેમેરા લગાવાશે. એન્જીનની પાછળ અને આગળ બંને તરફ એક-એક કેમેરો લગાવવામાં આવશે. પ્રત્યેય કોચની આગળ-પાછળ એક ડોમ સીસીટીવી કેમેરો અને ડેસ્ક પર બે માઈક્રોફોન લગાવવામાં આવશે.

રેલવે મંત્રીએ અધિકારીઓને સુનિશ્ચિત કરવા કહ્યું છે કે, 'પ્રતિ કલાક ૧૦૦ કિલોમીટરથી વધુની ગતિ અને ઓછા પ્રકાશની સ્થિતિમાં દોડતી ટ્રેનોમાં પણ ઉચ્ચ ગુણવત્તાવાળા ફુટેજ મળી રહે તે માટે તમામ સીસીટીવી કેમેરાના નવા માપ દંડ મુજબના હોવા જોઈએ.દેશભરની તમામ ટ્રેનો વધુ અત્યાધુનિક અને સુરક્ષિત બનાવવા માટે કેન્દ્ર સરકારે મોટો નિર્ણય લીધો છે. સરકારે મુસાફરોની સુરક્ષા વધારવા માટે તમામ ટ્રેનોના એન્જિન અને કોચમાં સીસીટીવી કેમેરો લગાવવાનો નિર્ણય કર્યો છે. સરકારની આ પહેલથી ટ્રેનોમાં થતી ચોરી સહિતની ઘટનાઓ અટકાવી શકાશે તેમજ ખાસ કરીને મહિલાઓની પણ સુરક્ષા જાળવી શકાશે.

સોનિયા-રાહુલ ગાંધીની મુશ્કેલીઓ વધી શકે છે

## દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે નેશનલ હેરાલ્ડ કેસમાં કોર્ટે નિર્ણય અનામત રાખ્યો

। નવીદિલ્હી,તા.૧૪ ।

દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે નેશનલ હેરાલ્ડ મની લોન્ડરિંગ કેસમાં સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને અન્યો સામે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) ની ફરિયાદની ફરિયાદની નોંધ લેતા પોતાનો નિર્ણય અનામત રાખ્યો હતો. કોર્ટે કેસમાં ચુકાદો જાહેર કરવા માટે ૨૯ જુલાઈની તારીખ નક્કી કરી છે. નેશનલ હેરાલ્ડ મની લોન્ડરિંગ કેસમાં સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને અન્ય લોકો સામે ઈડીની ફરિયાદની નોંધ લેવા પર દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે આદેશ અનામત રાખ્યો છે. પાછલી સુનાવણીમાં, નેશનલ હેરાલ્ડ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ રાઉઝ એવન્યુ કોર્ટમાં સ્પેશિયલ જજ વિશાલ ગોગનેની કોર્ટને કહ્યું હતું કે કોંગ્રેસ પાર્ટીને દાન આપનારાઓ સાથે છેતરપિંડી કરવામાં આવી છે. ઈડી અનુસાર, કોંગ્રેસને દાન આપનારા કેટલાક લોકોને પાર્ટી ટિકિટ પણ આપવામાં આવી હતી. આનાથી સ્પષ્ટ થાય છે કે દાતાઓ સાથે છેતરપિંડી કરવામાં આવી છે. ઈડી વતી હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ એસવી રાજુએ દલીલ કરી હતી કે ગાંધી પરિવારનો દાવો કે એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડ પર તેમનો કોઈ નિયંત્રણ નથી તે ખોટો છે. તેમણે કહ્યું કે છત્ર નેશનલ હેરાલ્ડનું મૂળ પ્રકાશક છે અને તેનું નિયંત્રણ ગાંધી પરિવાર દ્વારા કરવામાં આવ્યું છે. આ કેસની આગામી સુનાવણી ૧૪ જુલાઈના રોજ થવાની હતી.આ કેસમાં, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, દિવંગત કોંગ્રેસ નેતા મોતીલાલ વોરા, ઓસ્કર ફર્નાન્ડિઝ, સુમન દુબે, સેમ પિત્રોડા અને ખાનગી કંપની યંગ ઈન્ડિયન પર કાવતરું અને મની લોન્ડરિંગનો આરોપ લગાવ્યો છે. ઈડીનો દાવો છે કે યંગ ઈન્ડિયન કંપનીએ એજેએલની લગભગ ૨૦૦૦ કરોડ રૂપિયાની મિલકત કપટથી હડપ કરી હતી. ઈડીનું કહેવું છે કે યંગ ઈન્ડિયનમાં રાહુલ અને સોનિયા ગાંધીનો ૭૬ ટકા હિસ્સો છે.

## ન્યૂઝ બ્રિફ



### ૩૦૦ કરોડની ફિલ્મમાંથી બહાર થયા પછી, દીપિકા પાદુકોણ અલ્લુ અર્જુનની ફિલ્મ કરવા માટે સંમત થઈ?

। મુંબઇ, તા.૧૪ ।

દરેક વ્યક્તિ દીપિકા પાદુકોણના પુનરાગમનની રાહ જોઈ રહ્યા છે. માતા બન્યા પછી, અભિનેત્રી મોટા પડદાથી દૂર જોવા મળી છે. જોકે, ડિલિવરી પહેલા, દીપિકાએ પઠાણ-જવાન અને કલ્કી ૨૮૯૮ છઢ જેવી ૧૦૦૦-૧૦૦૦ કરોડની ફિલ્મો સાથે બોક્સ ઓફિસ પર ધમાલ મચાવી દીધી હતી. તાજેતરમાં જ એવું બહાર આવ્યું છે કે દીપિકા પાદુકોણે તેની આગામી ફિલ્મ એએ૨૨એક્સએ૬ માટે એટલી સાથે હાથ મિલાવ્યા છે. અલ્લુ અર્જુન અને એએ૨૨એક્સએ૬ રશ્મિકા મંદન્ના અભિનીત આ ફિલ્મને એક્શન-એન્ટરટેનર તરીકે વર્ણવવામાં આવી રહી છે. પરંતુ શું તમે જાણો છો કે દીપિકાએ આ ફિલ્મમાં કામ કરવાનું કેમ નક્કી કર્યું?ફિલ્મફેરના અહેવાલ મુજબ, એટલીની આ ફિલ્મમાં દીપિકા પાદુકોણ એક શક્તિશાળી અવતારમાં જોવા મળશે. અભિનેત્રી આ પ્રોજેક્ટનો ભાગ બનવા પાછળનું એક કારણ તેના પાત્રને કોતરવામાં અને ડિઝાઈન કરવામાં આવ્યું છે તે છે. અહેવાલ છે કે દીપિકા આ ફિલ્મમાં એક યોદ્ધા રાણીની ભૂમિકા ભજવશે. તે ટૂંક સમયમાં તેના પાત્ર માટે તૈયારી શરૂ કરશે.૭ જૂને,એએ૨૨એક્સએ૬ના નિર્માતાઓએ દીપિકા પાદુકોણનું ફિલ્મમાં સ્વાગત કરતો એક વિડિઓ શેર કર્યો. વિડિઓની શરૂઆતમાં, અભિનેત્રી એટલી સાથે સ્ક્રિપ્ટ પર ચર્ચા કરતી જોવા મળી, સેટ પર પહોંચતા અને ફિલ્મની તૈયારીઓ શરૂ કરતા પહેલા. ક્લિપના કેપ્શનમાં, નિર્માતાઓએ દીપિકાને "રાણી" તરીકે વર્ણવી જે "જીતવા" માટે તૈયાર છે. શરૂઆતમાં એવી અફવાઓ હતી કે ફિલ્મમાં બે હીરોની વાર્તા હશે.

### ગોવા અને હરિયાણાના રાજ્યપાલ, લદ્દાખના ઉપરાજ્યપાલ બદલાયા

। નવીદિલ્હી, તા.૧૪ ।

ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ દેશના બે રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાં નવા રાજ્યપાલ અને લેફ્ટનન્ટ ગવર્નરની નિમણૂક કરી છે. રાષ્ટ્રપતિ ભવન દ્વારા સોમવાર, ૧૪ જુલાઈ, ૨૦૨૫ ના રોજ જારી કરાયેલી એક અખબારી યાદીમાં આ જાહેરાત કરવામાં આવી છે. તે જ સમયે, લદ્દાખના લેફ્ટનન્ટ ગવર્નર પદ પર પણ નવી નિમણૂક કરવામાં આવી છે.રાષ્ટ્રપતિ ભવને માહિતી આપી છે કે ભારતના રાષ્ટ્રપતિએ કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખના લેફ્ટનન્ટ ગવર્નર પદ પરથી બ્રિગેડિયર (ડૉ.) બી. ડી. મિશ્રા (નિવૃત્ત) નું રાજીનામું સ્વીકારી લીધું છે. ભારતના રાષ્ટ્રપતિએ નીચેની રાજ્યપાલ / લેફ્ટનન્ટ ગવર્નર નિમણૂકો પણ કરી પ્રો. આશિમ કુમાર ઘોષને હરિયાણાના રાજ્યપાલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા.પુષ્પતિ અશોક ગજપતિ રાજુને ગોવાના રાજ્યપાલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. કવિંદર ગુપ્તાને લદ્દાખના લેફ્ટનન્ટ ગવર્નર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા.અશોક ગજપતિ રાજુ-વરિષ્ઠ રાજકારણી અને ભૂતપૂર્વ કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી અશોક ગજપતિ રાજુને પીએસ શ્રીધરન પિલ્લઈના સ્થાને ગોવાના નવા રાજ્યપાલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

## સાંસદોને હાજરી માટે લાઇનમાં ઊભા રહેવાની જરૂર નહીં પડે, હવે લોકસભામાં હાજરી ઓનલાઇન થશે

। નવીદિલ્હી, તા.૧૪ ।

લોકસભામાં સાંસદોની હાજરી હવે ઓનલાઈન થશે. હવે સાંસદો એમએમડી એટલે કે મલ્ટી મીડિયા ડિવાઈસ દ્વારા તેમની હાજરી નોંધાવી શકશે. નવી સંસદની રચના પહેલા, સાંસદોએ તેમની હાજરી નોંધાવવા માટે દરરોજ હાજરી નોંધાવી હતી, પરંતુ નવી સંસદમાં આ પ્રક્રિયા ડિજિટલ બની ગઈ છે.સાંસદોએ લોકસભા અને રાજ્યસભામાં પ્રવેશતા પહેલા ટેબમાં સ્ટાઈલસ દ્વારા તેમની હાજરી ચિહ્નિત કરવાની હતી. હવે, સ્સ્ઢ દ્વારા, સાંસદો તેમની ફાળવેલ સીટ પર બેસીને તેમની હાજરી ચિહ્નિત કરી શકશે.

## પશ્ચિમ બંગાળના બીરભૂમમાં ઇટાહટ સહકારી મંડળીની ચૂંટણીમાં ભાજપનો જંગી વિજય

। કોલકતા, તા.૧૪ ।

પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણી હજુ થોડા મહિના દૂર છે. અગાઉ,ટીએમસી નેતા અનુબ્રત મંડલના ગઢ બીરભૂમમાં ભાજપનો વિજય થયો છે. સૈંથિયામાં ઈટાહટ સહકારી મંડળીની ચૂંટણીમાં, ભગવા છાવણીએ બધી ૯ બેઠકો જીતી લીધી છે. રાજ્યના શાસક પક્ષને એક પણ બેઠક મળી નથી. ડાબેરીઓએ પણ ચૂંટણીમાં ભાગ લીધો હતો, પરંતુ, તેમને પણ કોઈ બેઠક મળી નથી. ભાજપ સૈંથિયામાં આ જીતને વિધાનસભા ચૂંટણી પહેલાની મોટી સફળતા તરીકે જોઈ રહી છે.

ઈટાહટ સહકારી મંડળીમાં કુલ ૯૨૮ મતદારો છે. ભાજપ, તૃણમૂલ અને ડાબેરી પક્ષોએ ચૂંટણીમાં ભાગ લીધો હતો. પરિણામો જાહેર થયા પછી, એવું જોવા મળ્યું કે તૃણમૂલ અને ડાબેરી પક્ષો આ સહકારી ચૂંટણીઓમાં કોઈ ખાસ અસર કરી શક્યા નથી. બધી બેઠકો જીત્યા બાદ ભાજપના કાર્યકરો ખુશ હતા.ભાજપે ફેસબુક પોસ્ટ પર લખ્યું કે બીરભૂમમાં જાગૃતિ શરૂ થઈ ગઈ છે, ૨૦૨૬માં ભાજપ સરકાર! શાસક પક્ષની અવગણના કરીને, ભાજપ સમર્થિત ઉમેદવારોએ બીરભૂમના મયુરેશ્વર વિધાનસભા ક્ષેત્રમાં ઈટાહટ સહકારી મંડળીની ચૂંટણીમાં ૯ માંથી ૯ બેઠકો પર જંગી વિજય મેળવ્યો. બધા વિજેતા ઉમેદવારોને અભિનંદન!સહકારી મંડળીમાં વિજય મેળવ્યા બાદ, બોલપુર સંગઠનાત્મક જિલ્લાના ભાજપ પ્રમુખ શ્યામપદ મંડલે કહ્યું, "તૃણમૂલનો ગઢ ઘણા સમય પહેલા તૂટી ગયો છે. હવે અહીં ટીએમસીનો કોઈ જન આધાર નથી. જ્યાં પણ મતદાન થયું ત્યાં તેણે પોલીસનો ઉપયોગ કર્યો.

રાજ્યમાં ૨૦૯ રસ્તા બંધ | ૧૩૯ પાવર ટ્રાન્સફોર્મર અને ૭૪૫ પાણી પુરવઠા યોજનાઓ પ્રભાવિત છે. ૧૩ દિવસ પછી પણ, આપત્તિગ્રસ્ત મંડી જિલ્લામાં ૧૫૭ રસ્તા અને ૧૩૩ પાણી પુરવઠા યોજનાઓ સ્થગિત છે

# હિમાચલમાં ચોમાસાની ઋતુમાં અત્યાર સુધીમાં ૯૮ લોકોના મોત થયા

। શિમલા, તા.૧૪ ।

હિમાચલ પ્રદેશના ઘણા ભાગોમાં વરસાદ ચાલુ છે. વિવિધ સ્થળોએ ભૂસ્ખલનને કારણે સોમવારે સવારે ૧૦:૦૦ વાગ્યા સુધી રાજ્યમાં ૨૦૯ રસ્તા બંધ હતા. આ ઉપરાંત, ૧૩૯ પાવર ટ્રાન્સફોર્મર અને ૭૪૫ પાણી પુરવઠા યોજનાઓ પ્રભાવિત છે. ૧૩ દિવસ પછી પણ, આપત્તિગ્રસ્ત મંડી જિલ્લામાં ૧૫૭ રસ્તા અને ૧૩૩ પાણી પુરવઠા યોજનાઓ સ્થગિત છે.

કાંગડા જિલ્લાના ધર્મશાલા, નુરપુર અને દેહરા સબ-ડિવિઝનમાં ૬૧૨ પાણી પુરવઠા યોજનાઓ પ્રભાવિત છે. ૪ માઈલ નજીક ભૂસ્ખલનને કારણે મંડી-કુલ્લુ રાષ્ટ્રીય ધોરીમાર્ગ ફરીથી ખોરવાઈ ગયો. વારંવાર



રસ્તો બંધ થવાને કારણે કુલ્લુ અને મનાલી તરફ જતા મુસાફરો અને પ્રવાસીઓને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

આ ચોમાસાની ઋતુમાં, ૨૦ જૂનથી અત્યાર સુધીમાં ૯૮ લોકોએ જીવ ગુમાવ્યા છે. ૧૭૮ લોકો ઘાયલ થયા છે. ૩૪ લોકો હજુ પણ ગુમ છે. માર્ગ અકસ્માતમાં ૪૧ લોકોના મોત થયા છે. અત્યાર સુધીમાં અચાનક પૂર, ૨૨ વાદળ ફાટવા અને ૧૮ ભૂસ્ખલનના ૩૧ બનાવો નોંધાયા છે. વાદળ ફાટવા, ભૂસ્ખલન અને પૂરને કારણે અત્યાર સુધીમાં ૧૨૨૭ કાચાં-પાકા મકાનો અને દુકાનોને નુકસાન થયું છે. ૭૮૮ ગૌશાળાઓને પણ નુકસાન થયું છે. ૯૫૪ પ્રાણીઓના મોત થયા છે. કુલ નુકસાનનો આંકડો રૂ. ૭૭,૦૯૬.૩૭ લાખ સુધી પહોંચી ગયો છે.

છેલ્લા ૨૪ કલાક દરમિયાન, રાજગઢમાં ૭૨.૦ મીમી, ખદ્રાલામાં ૪૨.૪ મીમી, પછડમાં ૩૮.૦ મીમી, મંડીમાં ૨૬.૪ મીમી, ભુંતરમાં ૨૨.૦ મીમી, શિલારુમાં ૧૪.૨ મીમી, સીઓબાગમાં ૧૨.૨ મીમી, શિમલામાં ૧૧.૫ મીમી, રોહરુમાં ૧૦.૦ મીમી અને જાટોન બેરેજમાં ૯.૬ મીમી વરસાદ નોંધાયો છે. હવામાન કેન્દ્ર શિમલાના જણાવ્યા અનુસાર, ૧૪ થી ૨૦ જુલાઈ સુધી રાજ્યના ઘણા ભાગોમાં હળવો થી મધ્યમ વરસાદ ચાલુ રહેવાની આગાહી છે. ૧૪, ૧૫, ૧૮ અને ૧૯ જુલાઈના રોજ ઘણી જગ્યાએ હળવો થી મધ્યમ વરસાદ પડી શકે છે. ૧૬, ૧૭ અને ૨૦ જુલાઈના રોજ મોટાભાગના સ્થળોએ હળવો થી મધ્યમ વરસાદ પડશે. ૧૪ અને ૧૫ જુલાઈના રોજ અલગ અલગ સ્થળોએ વરસાદ પડી શકે છે.

# દેશભરના મંદિરોમાં ભક્તોની ભીડ ઉમટી । હર હર મહાદેવ અને બમ બમ ભોલેના નારાથી ગુંજી ઉઠયા





નવીદિલ્હી : શ્રાવણના પહેલા સોમવારે દેશભરના શિવ મંદિરોમાં ભક્તોની ભીડ જામી હતી. કાશીથી ઉજ્જૈન સુધી જલાભિષેક માટે ભક્તોની લાંબી કતાર લાગી ગઈ હતી. દેશભરના શિવ મંદિરો હર હર મહાદેવ અને બમ બમ ભોલેના નારાથી ગુંજી ઉઠયા હતાં આ આખો મહિનો ભગવાન શિવને સમર્પિત છે.ભક્તો આ દિવસે ઉપવાસ અને પૂજા વિધિઓ રાખે છે.એવું માનવામાં આવે છે કે આ મહિનામાં, દેવી ગૌરીની તપસ્યાથી પ્રસન્ન થઈને, ભગવાન શિવ પ્રગટ થયા અને દેવી ગૌરીને તેમની પત્ની તરીકે સ્વીકાર્યા. એવું પણ કહેવાય છે કે દર વર્ષે, દેવોના ભગવાન, મહાદેવ પણ આ મહિનામાં તેમના સાસરિયાના ઘરે જાય છે. આવી સ્થિતિમાં, આ આખો મહિનો ખૂબ જ પવિત્ર માનવામાં આવે છે. શ્રાવણ મહિનાના પહેલા સોમવારે લખનૌના મનકામેશ્વર મંદિરમાં આરતી કરવામાં આવી હતી.શ્રાવણના પહેલા સોમવારે દિલ્હીના ગૌરી શંકર મંદિરમાં ભીડ ઉમટી પડી.ગાઝિયાબાદના દૂધેશ્વર મહાદેવ મંદિરમાં ભક્તોની ભીડ ઉમટી પડી. વારાણસીના કાશી વિશ્વનાથ મંદિરમાં દર્શન માટે ભક્તોની લાંબી કતાર લાગી હતી અયોધ્યાના ક્ષીરેશ્વર નાથ મંદિરમાં ભક્તોએ પૂજા અર્ચના કરવામાં આવી હતી પ્રયાગરાજના મનકામેશ્વર મંદિરમાં ભક્તોની લાંબી કતાર જોવા મળી હતી દેવઘરના વૈદ્યનાથ મંદિરમાં ભક્તોની ભારે ભીડ જોવા મળી. શ્રાવણના પહેલા સોમવારે ભક્તો પાણી ચઢાવવા માટે અહીં પહોંચ્યા હતાં.

## એટલીની ફિલ્મમાં રશ્મિકા મંદાના નેગેટિવ ભૂમિકામાં



। મુંબઇ, તા.૧૪ ।

'પુષ્પા'ની જોડી અલ્લુ અર્જુન અને રશ્મિકા મંદાના એટલીની આગામી ફિલ્મમાં સાથે દેખાવાની છે. જોકે, આ ફિલ્મમાં આ જોડી અલગ રીતે સ્ક્રીન શેર કરશે. રશ્મિકા ફિલ્મમાં નેગેટિવ રોલમાં હોવનું કહેવાય છે. જાણવા મળ્યા મુજબ ફિલ્મ માટે રશ્મિકાને અલગ અલગ રોલની ઓફર કરાઈ હતી. તેમાંથી તેણે નેગેટિવ ભૂમિકા પસંદ કરી હતી. અગાઉ તેણે ભાગ્યે જ નેગેટિવ રોલ ભજવ્યો હોવાથી આ વખતે એક પડકાર તરીકે તેણે આ ભૂમિકા પસંદ કરી હતી. રશ્મિકાના ચાહકો તેની આ પસંદગીથી ખુશ થયા છે. છેલ્લા કેટલાય સમયથી રશ્મિકા બહુ ડોમિનન્ટ પુરુષની જીવનસાથી તરીકેના એકસરખા રોલમાં ટાઈપકાસ્ટ થઈ રહી છે. રશ્મિકાની ફિલ્મો સફળ થાય છે પરંતુ તેને વેરાયટી ધરાવતા રોલ મળતા નથી તેવી તેના ચાહકોની ફરિયાદ હતી. 'પુષ્પા'ની જોડી અલ્લુ અર્જુન અને રશ્મિકા મંદાના એટલીની આગામી ફિલ્મમાં સાથે દેખાવાની છે. જોકે, આ ફિલ્મમાં આ જોડી અલગ રીતે સ્ક્રીન શેર કરશે. રશ્મિકા ફિલ્મમાં નેગેટિવ રોલમાં હોવનું કહેવાય છે. જાણવા મળ્યા મુજબ ફિલ્મ માટે રશ્મિકાને અલગ અલગ રોલની ઓફર કરાઈ હતી. તેમાંથી તેણે નેગેટિવ ભૂમિકા પસંદ કરી હતી.

### ગાઝામાં ભુખમરાનો સામનો કરી રહેલા નાગરિકો પર ઇઝરાયેલ દ્વારા ખુલ્લેઆમ હુમલો

## ઈઝરાયલની સેનાએ ગાઝામાં પાણી ભરી રહેલા બાળકો ઉપર મિસાઈલ ઝિંકી । આઠ બાળકો સહિત ૪૩ના મોત

**બીજીતરપ ઈઝરાયલી સેનાએ શિબિર પર ઝિંકેલી મિસાઈલ અંગે સ્પષ્ટતા આપી છે । સેનાએ કહ્યું કે, ટેકનીકલ ખામીના કારણે આ ભુલ થઈ છે, અમારો ટાર્ગેટ બીજો હતો । અમે જાણી જોઈને આવું કર્યુ નથી**

। ગાઝા, તા.૧૪ ।

ગાઝામાં ભુખમરાનો સામનો કરી રહેલા નાગરિકો પર ઈઝરાયેલ દ્વારા ખુલ્લેઆમ હુમલા થઈ રહ્યા છે. ઈઝરાયલી સેનાએ રવિવારે (૧૩ જુલાઈ) ગાઝા પટ્ટીમાં શરણાર્થી શિબિરો પર હુમલો કર્યો છે. સેનાએ અહીં પાણી ભરી રહેલા બાળકો પર મિસાઈલ ઝિંકી છે, જેમાં અનેક લોકોના મોત થયા છે. મૃતકોમાં સૌથી વધુ બાળકોનો સમાવેશ થાય છે. બીજીતરપ ઈઝરાયલી સેનાએ શિબિર પર ઝિંકેલી મિસાઈલ અંગે સ્પષ્ટતા આપી છે. સેનાએ કહ્યું કે, ટેકનીકલ ખામીના કારણે આ ભુલ થઈ છે, અમારો ટાર્ગેટ બીજો હતો. અમે જાણી જોઈને આવું કર્યુ નથી. ઈમરજન્સી સેવાના અધિકારીઓએ કહ્યું કે, હુમલામાં આઠ બાળકો સહિત ૧૦ લોકોના મોત અને ૧૭ લોકો ઈજાગ્રસ્ત થયા છે.જ્યારથી ઈઝરાયલ-હમાસ વચ્ચે યુદ્ધ થયું છે, ત્યારથી ગાઝાવાસીઓ ભારે સંકટમાં મુકાઈ ગયા છે. અહીંના લોકો ભોજન-પાણીના સંકટ સામે ઝઝુમી રહ્યા છે. અહીં સિવેજ સિસ્ટમ બંધ થઈ ગઈ છે, જેના કારણે લોકો જાહેર પાણી વિતરણ કેન્દ્ર પર નિર્ભર થઈ ગયા છે અને પાણીના વિકટ સંકટનો સામનો કરી રહ્યા છે.



ગાઝામાં નાગરિક સુરક્ષા એજન્સીના પ્રવક્તા મહમૂદ બસ્સલે કહ્યું કે, 'ઈઝરાયેલે રવિવારે કરેલા હુમલામાં ઓછામાં ઓછા ૪૩ લોકોના મોત થયા છે. સેનાએ ગાઝા શહેરના એક માર્કેટમાં પણ હુમલો કર્યો હતો, જેમાં ૧૧ લોકોના મોત થયા છે. જ્યારે મધ્ય ગાઝા સ્થિત નુસેરાત શરણાર્થી શિબિર પર એક પાણી વિતરણ કેન્દ્ર પર હુમલો થતા ૧૦ લોકોના મોત થયા છે.

શનિવારે પણ ગાઝા પટ્ટી પર હવાઈ હુમલો કરાયો હતો, જેમાં ચાર બાળકો સહિત ૨૮ નાગરિકોના મોત નિપજ્યા હતા. જ્યારે ભોજન વિતરણ કેન્દ્ર તરફ જઈ રહેલા નાગરિકો પર ગોળીબાર કરવામાં આવ્યો હતો, જેમાં ૨૪ લોકોના મોત નિપજ્યા હતા, આમ એક જ દિવસમાં ઈઝરાયેલે ૫૪ જેટલા નાગરિકોનો ભોગ લીધો છે.

બીજી તરફ ગાઝા પટ્ટીમાં ઈઝરાયેલ દ્વારા હજુ પણ સૈન્ય કાર્યવાહી ચાલી રહી છે. ગાઝા પટ્ટીમાં ગત છેલ્લા ૪૮ કલાકમાં ૨૫૦ ટાર્ગેટને નિશાન બનાવાયા છે. ઈઝરાયેલે દાવો કર્યો છે કે આ તમામ સ્થળો હમાસ સાથે જોડાયેલા છે જેમાં હથિયારો રાખવાનું સ્થળ, એન્ટી ટેન્ક મિસાઈલ, સ્નાઈપર પોસ્ટ્સ, ટનલ વગેરેનો સમાવેશ થાય છે. ઈઝરાયેલના વડા નેતન્યાહુ તાજેતરમાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે મુલાકાત કરીને પરત ફર્યા હતા, આ મુલાકાતમાં ગાઝા શાંતિ કરારો પર કોઈ જ વાત બની નથી.

**અમેરિકન પ્રમુખની એક સપ્તાહમાં ૨૫ દેશો અને ઈયુ પર ટેરિફની જાહેરાત**

## અમેરિકાના પ્રમુખ ટ્રમ્પે હવે મેક્સિકો અને યુરોપિયન યુનિયન પર ૩૦ ટકા ટેરિફ નાંખ્યો

**મેક્સિકો-ઈયુને વળતા ટેરિફની ટ્રમ્પની ધમકી વચ્ચે ઈયુ કમિશન પ્રમુખની પણ પ્રતિકારક પગલાંની ચેતવણી**

। વોશિંગ્ટ, તા.૧૪ ।

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારે અમેરિકાના સૌથી મોટા વેપાર ભાગીદારો મેક્સિકો અને યુરોપીયન યુનિયન પર ૩૦ ટકા ટેરિફ નાંખવાની જાહેરાત કરી છે. આ ટેરિફનો અમલ ૧ ઑગસ્ટથી થશે. ટ્રમ્પની આ જાહેરાતથી ફરી એક વખથ વૈશ્વિક બજારો હચમચી ગયા છે. ટ્રમ્પના ટેરિફના જવાબમાં ઈયુ કમિશનના પ્રમુખ ઉર્સુલા વાન ડેરે કહ્યું કે, અમે ઈયુના હિતોને જાળવતા બધા જરૂરી પગલાં લઈશું. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારે મેક્સિકો અને યુરોપીયન યુનિયન પર ટેરિફ નાંખવા સાથે એક સપ્તાહમાં કુલ ૨૪ દેશો અને ૨૭ દેશોના યુરોપીયન પર ૨૫થી ૫૦ ટકા સુધી ટેરિફ નાંખવાની જાહેરાત કરી છે, જેનો અમલ ૧ ઑગસ્ટથી થવાનો છે. ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારે મેક્સિકોને ટેરિફનો પત્ર લખતા જણાવ્યું કે, મેક્સિકો અમને સરહદ સુરક્ષિત રાખવામાં મદદ કરી રહ્યું છે. તેણે ગેરકાયદે વસાહતીઓ અને ફેન્ટાનિલ ડ્રગ્સની દાણચોરીને રોકવામાં ઘણી મદદ કરી છે, પરંતુ તે પર્યાપ્ત નથી. ડ્રગ કાર્ટેલ્સે સમગ્ર ઉત્તર અમેરિકાને દાણચોરીનો અડ્ડો બનાવી દીધો છે. સ્વાભાવિક છે કે હું આવું થવા નહીં દઉં. આ સાથે ટ્રમ્પે મેક્સિકોનાં પ્રમુખ ક્લાઉડિયા શિનબામને ચેતવણી આપી છે કે તેઓ ડ્રગ કાર્ટેલ્સ પર લગામ નહીં લગાવે તો ટેરિફ વધી શકે છે.ડોનાલ્ડ ટ્રમ્પે યુરોપીયન યુનિયન કમિશનને લખેલા પત્રમાં સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, અમે યુરોપીયન યુનિયન સાથે અમારા વેપાર સંબંધો પર વર્ષો સુધી ચર્ચા કરી છે અને અમે એ નિષ્કર્ષ પર પહોંચ્યા છીએ કે અમારે તમારા ટેરિફ, નોન-ટેરિફ પોલિસી અને વેપાર અવરોધોથી પેદા થતા આ લાંબાગાળાની, મોટી અને સતત વેપાર ખાધથી દૂર રહેવું પડશે. દુર્ભાગ્યથી આપણા સંબંધ રેસિપ્રોકલથી કોસો દૂર છે. યુરોપીયન યુનિયને અમેરિકા માટે સંપૂર્ણપણે ખુલ્લુ બજાર બનવું પડશે. ઈયુ તેના ટેરિફ વધારશે તો અમે પણ અમારા ૩૦ ટકા ટેરિફમાં તેટલો જ વધારો કરીશું. યુરોપીયન યુનિયન છેલ્લા કેટલાક મહિનાથી ઊંચા ટેરિફથી બચવા માટે અમેરિકા સાથે અસ્થાયી વેપાર સમજૂતીનો પ્રયાસ કરી રહ્યું હતું, પરંતુ ટ્રમ્પના આ અચાનક અને આકરા વલણે સમજૂતીની સંભાવનાઓને વધુ મુશ્કેલ બનાવી દીધી છે.

## શનાયા કપૂરની ડેબ્યૂ ફિલ્મનો ફ્લોપ શો, માંડ રૂ.૭૩ લાખની કમાણી



। મુંબઇ, તા.૧૪ ।

રાજકુમાર રાવની ફિલ્મ 'માલિક', શનાયા કપૂર-વિક્રાંત મૈસીની 'આંખો કી ગુસ્તાખિયાં' અને હોલિવૂડની 'સુપરમેન' ગત ૧૧ જુલાઈ, ૨૦૨૫ના રોજ એક સાથે રિલીઝ થઈ. જેમાં શુક્રવારથી જ આ ત્રણેય ફિલ્મોમાં ભારે ટક્કર જોવા મળી રહી છે. જેમાં શનાયા કપૂરની ડેબ્યૂ ફિલ્મે માંડ રૂ.૭૩ લાખની કમાણી કરી છે. જ્યારે આ ઉપરાંત સુપરમેને કેટલું કલેક્શન કર્યુ છે,મળતી માહિતી મુજબ, સુપરમેનની રિલીઝના પહેલા દિવસે રૂ.૭ કરોડ અને બીજા દિવસે ૯.૨૫ કરોડ રૂપિયાની કમાણી કરીને બે દિવસમાં રૂ.૧૬.૨૫ કરોડનું કલેક્શન કર્યુ. જેમાં દર્શકોને ફિલ્મ પસંદ આવી રહી હોવાનું જણાય છે. આ ફિલ્મ હોલિવૂડ રિલીઝ 'હ્વ૧'અને 'જુરાસિક વર્લ્ડ: રિબર્થ' ને પણ ટક્કર આપી રહ્યું છે.જ્યારે રાજકુમાર રાવની ફિલ્મ 'માલિક'ની વાત કરીએ તો, ફિલ્મ રિલીઝના પહેલા દિવસે રૂ.૩.૭૫ કરોડ અને બીજા દિવસે ૫.૨૫ કરોડની કમાણી કરી છે. સીરીયસ લૂકમાં રાજકુમાર રાવ પરત ફરતાં ચાહતો તેની પ્રશંસા કરી રહ્યા છે. જોકે, આ ફિલ્મનું બજેટ ૫૪ કરોડ હોવાનું કહેવાય છે.આ ફિલ્મોના સાથે-સાથે 'આંખો કી ગુસ્તાખિયાં'ના શૉ બૉક્સ ઑફિસ પર ફ્લોપ જોવા મળી રહ્યા છે. શનાયા કપૂર અને વિક્રાંત મૈસીની ફિલ્મ બીજા દિવસમં માત્ર રૂ.૪૩ લાખની કમાણી કરી હતી. જેમાં બે દિવસમાં માત્ર ૭૩ લાખ રૂપિયાનું કલેક્શન છે.

## હિમાચલના પૂર્વ મુખ્યમંત્રી જયરામ ઠાકુર રાહત આપવા ગયા હતા, અચાનક ભૂસ્ખલન થયું

। શિમલા, તા.૧૪ ।

મોનસૂનનો વરસાદ હિમાચલ પ્રદેશના લોકો માટે મૃત્યુઘંટ બની ગયો છે. વરસાદને કારણે હિમાચલના ઘણા જિલ્લાઓમાં ભારે પૂર, વાદળ ફાટવા અને ભૂસ્ખલનની ઘટનાઓ નોંધાઈ છે. રાજ્યના મંડી જિલ્લામાં સૌથી વધુ નુકસાન થયું છે. આ ક્રમમાં, હિમાચલ પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી જયરામ ઠાકુર રાહત પહોંચાડવા માટે મંડી જિલ્લામાં પહોંચ્યા હતા. જોકે, અહીં અચાનક થયેલા ભૂસ્ખલનમાંથી તેઓ પોતે પણ બચી ગયા છે. આ ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો છે.હિમાચલ પ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી જય રામ ઠાકુર ભૂસ્ખલન અને વરસાદથી પ્રભાવિત વિસ્તારનું નિરીક્ષણ કરવા અને રાહત સામગ્રીનું વિતરણ કરવા મંડી ગયા હતા. ત્યારે અચાનક ભૂસ્ખલન થયું અને પર્વતના ઘણા નાના-મોટા ટુકડા રસ્તા પર પડી ગયા.. ત્યાં હાજર ભૂતપૂર્વ મુખ્યમંત્રી સહિત તમામ કાર્યકરો ભાગી ગયા અને પોતાનો જીવ બચાવ્યો.હિમાચલ પ્રદેશના મંડીમાં ચોમાસાના વરસાદ પછી ભૂસ્ખલનથી લોકો પરેશાન છે. ચંદીગઢ-મનાલી રાજ્ય ધોરીમાર્ગ ફરીથી બંધ કરવામાં આવ્યો છે. ત્રણ દિવસથી આ માર્ગ વારંવાર ભૂસ્ખલનને કારણે બંધ કરવામાં આવ્યો છે. ગઈકાલે મોડી સાંજ સુધી તેને ખોલવામાં આવ્યો હતો પરંતુ આજે સવારે ફરીથી બંધ કરવામાં આવ્યો હતો.

## ૧૮ દિવસ અવકાશમાં રહ્યા પછી, શુભાંશુ શુક્લા પૃથ્વી પર પાછા ફરવા જઈ રહ્યા છે । પૃથ્વી પર પાછા ફરતી વખતે, અવકાશયાનને લગભગ ૧,૬૦૦ ડિગ્રી સેલ્સિયસ તાપમાનનો સામનો કરવો પડશે

। નવીદિલ્હી, તા.૧૪ ।

શુભાંશુ શુક્લા આઈએસએસ થી પૃથ્વી પર પરતઃ આંતરરાષ્ટ્રીય અવકાશ મથકમાં ૧૮ દિવસ વિતાવ્યા પછી, ભારતીય અવકાશયાત્રી શુભાંશુ શુક્લા સોમવારે પૃથ્વી પર પરત ફરવા માટે રવાના થશે. શુક્લા રાકેશ શર્મા (૧૯૮૪) પછી અવકાશમાં મુસાફરી કરનાર બીજા ભારતીય અવકાશયાત્રી છે. એક્સિઓમ સ્પેસએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "પૃથ્વી પર ૨૨.૫ કલાકની મુસાફરી પછી, ક્રૂ સવારે ૪:૩૧ વાગ્યે (મંગળવાર ભારતીય સમય મુજબ બપોરે ૩:૦૧ વાગ્યે) કેલિફોર્નિયા કિનારે ઉતરશે તેવી અપેક્ષા છે."ડ્રેગન અવકાશયાનને આંતરરાષ્ટ્રીય અવકાશ મથકથી અલગ કરવાની પ્રક્રિયા સંપૂર્ણપણે સ્વચાલિત હશે. અનડોક કર્યા પછી, ડ્રેગન એન્જિન જરૂરી ઉર્જા માટે કેટલીક પ્રક્રિયાઓમાંથી પસાર થશે જેથી તે આંતરરાષ્ટ્રીય અવકાશ મથકથી સુરક્ષિત રીતે દૂર થઈ શકે અને પૃથ્વી પર પ્રવેશની પ્રક્રિયા શરૂ કરી શકે.પૃથ્વી પર પાછા ફરતી વખતે, અવકાશયાનને લગભગ ૧,૬૦૦ ડિગ્રી સેલ્સિયસ તાપમાનનો સામનો કરવો પડશે. પેરાશૂટ બે તબક્કામાં કામ કરશે. પ્રથમ તબક્કામાં, સ્થિરીકરણ પેરાશૂટ લગભગ ૫.૭ કિલોમીટરની ઊંચાઈએ કામ કરશે અને પછી બીજા તબક્કામાં, મુખ્ય પેરાશૂટ લગભગ બે કિલોમીટરની ઊંચાઈએ કામ કરશે. 'અનડોકિંગ' પછી લગભગ ૨૨.૫ કલાક પછી અવકાશયાન કેલિફોર્નિયાના દરિયાકાંઠે ઉતરશે તેવી અપેક્ષા છે અને અવકાશ કેપ્સ્યુલને ખાસ જહાજ દ્વારા પાછું લાવવામાં આવશે.અભિયાનના ૭૩ અવકાશયાત્રીઓએ એક્સિઓમ-૪ મિશનના ક્રૂ માટે પરંપરાગત વિદાય સમારંભનું આયોજન કર્યુ હતું.

**બંને દેશો એકબીજા પર મિસાઈલ, રોકેટ સહિતના હથિયારોથી હુમલા કરી રહ્યા છે**

**યુક્રેનના ગુપ્તચર વડા કિરિલો બુદાનોવાએ દાવો કર્યો છે કે, 'ઉત્તર કોરિયાએ રશિયાને ૪૦ ટકા દારુગોળો આપવાની તૈયારી કરી । છેલ્લા કેટલાક મહિનાઓમાં ઉત્તર કોરિયાએ રશિયાને મોટીપ્રમાણમાં બેલેસ્ટિક મિસાઈલો અને આર્ટિલરી સિસ્ટમ આપી**

## હજારો સૈનિક અને લાખો ખતરનાક તોપ । રશિયાની ખુલ્લેઆમ મદદ કરી રહ્યું છે નોર્થ કોરિયા : યુક્રેન

। મોસ્કો, તા.૧૪ ।

રશિયા-યુક્રેન વચ્ચે ત્રણ વર્ષથી યુદ્ધ ચાલી રહ્યું છે. બંને દેશો એકબીજા પર મિસાઈલ, રૉકેટ સહિતના હથિયારોથી હુમલા કરી રહ્યા છે. યુદ્ધમાં અત્યાર સુધીમાં અનેક લોકોના મોત થયા છે, ત્યારે યુદ્ધ ભયાનક થવાના સંકેત મળી રહ્યા છે. યુક્રેનના ગુપ્તચર વડા કિરિલો બુદાનોવાએ દાવો કર્યો છે કે, 'ઉત્તર કોરિયાએ રશિયાને ૪૦ ટકા દારુગોળો આપવાની તૈયારી કરી છે. છેલ્લા કેટલાક મહિનાઓમાં ઉત્તર કોરિયાએ રશિયાને મોટીપ્રમાણમાં બેલેસ્ટિક મિસાઈલો અને આર્ટિલરી સિસ્ટમ આપી છે.' યુદ્ધની કમઠાણ વચ્ચે એકતરફ રશિયન વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવે ઉત્તર કોરિયા જઈ તાનાશાહ કિમ જોંગ ઉન સાથે મુલાકાત કરી છે, ત્યારે કિરિલોનો આ દાવો ભયાનક યુદ્ધના સંકેત આપી રહ્યા છે. બ્લૂમબર્ગના રિપોર્ટ મુજબ, જૂન-૨૦૨૪માં રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિન અને ઉત્તર કોરિયાના શાસક કિમ જોંગ ઉને સૈન્ય સંબંધો મજબૂત કરવા માટે સમજૂતી કરાર કર્યા હતા. આ જ કરાર હેઠળ ઉત્તર કોરિયાએ રશિયાની મદદ કરવા માટે કથિત હજારો સૈનિકો અને લાખો તોપ મોકલ્યા છે. કિમે કોઈપણ



શરત વગર યુદ્ધમાં રશિયાને સમર્થન આપવાની કસમ ખાધી છે.અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે યુક્રેનને એર ડિફેન્સ સિસ્ટમ હથિયારો સહિત મહત્ત્વના અનેક હથિયારો આપવાનો આદેશ કર્યો છે. ટ્રમ્પે કહ્યું કે, 'પુતિન લોકો સાથે સારો વ્યવહાર કરી રહ્યા નથી. તેઓ અનેક લોકોને મારી રહ્યા છે. મને પુતિન તરફથી અનેક બકવાસ સાંભળવા મળી છે.'ટ્રમ્પે કહ્યું કે, યુક્રેનના સૈન્ય વડા કિરિલો બુદાનોવાએ અમેરિકન એર ડિફેન્સ સિસ્ટમ પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે. પુતિને યુદ્ધવિરામની વાતચીત કરવા માટે ગયા અઠવાડિયે પુતિનને ફોન કરી કહ્યું હતું કે, રશિયા યુદ્ધમાંથી પાછીપાની નહીં કરે. ક્રેમલિને કહ્યું હતું કે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ગુરુવારે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ફોન પર વાતચીત દરમિયાન કહ્યું હતું કે રશિયા યુક્રેન સામે પોતાનું અભિયાન ચાલુ રાખશે જ્યાં સુધી બધા લક્ષ્યો પ્રાપ્ત ન થાય. કિરિલોએ કહ્યું કે, આ વર્ષના અંત સુધીમાં યુદ્ધવિરામ થઈ જવું જોઈએ. યુદ્ધવિરામ માટે રશિયા, યુક્રેન, અમેરિકાની જરૂર છે. રશિયાએ તાજેતરમાં જ યુક્રેન પર રેકોર્ડ સંખ્યામાં ડ્રોન હુમલા કર્યા હતા. તેણે ૯ જુલાઈએ યુક્રેન પર ૭૨૮ ડ્રોન ઝિંક્યા હતા, જેમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મોટાપાયે નુકસાન થયું છે. રશિયા-યુક્રેન વચ્ચે ત્રણ વર્ષથી યુદ્ધ ચાલી રહ્યું છે. બંને દેશો એકબીજા પર મિસાઈલ, રૉકેટ સહિતના હથિયારોથી હુમલા કરી રહ્યા છે.

**સાત કાઉન્ટીમાં આડેધડ ધરપકડ બંધ**

**કેલિફોર્નિયામાં ધરપકડો વર્ણ કે વંશીયતાના આધારે ક્વોટા પુરો કરવા થઇ માટે કરાઇ હોવાનો અમેરિકન સિવિલ લિબર્ટીઝનો દાવો**

## ડોનાલ્ડ ટ્રમ્પને મોટો ઝટકો । ગેરકાયદે ઇમિગ્રન્ટની આડેધડ ધરપકડ કરવા સામે ફેડરલ જજનો સ્ટે

। વોશિગ્ટ, તા.૧૪ ।

યુએસ ડિસ્ટ્રિક્ટ ફેડરલ જજે શુક્રવારે લોસ એન્જેલસ સહિત કેલિફોર્નિયાની સાત કાઉન્ટીઓમાં ઈમિગ્રન્ટસને અટકાવી તેમની આડેધડ ધરપકડ ન કરવાનો ટ્રમ્પ વહીવટીતંત્રને આદેશ આપ્યો હતો. ઈમિગ્રેશન રેડ પાડવા માટે અપનાવેલી ગેરકાયદે યુક્તિઓને અટકાવવા માટે અટક કરવામાં આવેલાં ત્રણ ઈમિગ્રન્ટ્સ, બે અમેરિકન નાગરિકો અને ઈમિગ્રન્ટ એડવોકસી જૂથો દ્વારા કોર્ટમાં અરજી કરવામાં આવી હતી.

ડિસ્ટ્રિક્ટ જજ મામે ઈ. ફ્રિમપોન્ગે એક અલગ આદેશમાં ફેડરલ સરકારના એટર્નીને લોસ એન્જેલસ ઈમિગ્રેશન



ડિટેન્શન ફેસિલિટીની મુલાકાત લેવા પર બંધી ફરમાવી હતી. એડવોકસી જૂથોએ દલીલ કરી કે સરકાર બંધારણના ચોથા અને પાંચમા સુધારાનો ભંગ કરી કાર્યવાહી કરે છે તેને પગલે ફ્રિમપોન્ગે આ આદેશ આપ્યો હતો. દરમ્યાન યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટીના નાયબ મંત્રી ટ્રિસિયા મેકલાફલિને જણાવ્યું હતું કે કાયદાનો અમલ કરનારી એજન્સીઓ દ્વારા વ્યક્તિઓને તેમની ચામડીના રંગને આધારે લક્ષ્ય બનાવવામાંઆવે છે તેવા કોઈપણ દાવા ઘૃણાસ્પદ અને સદંતર ખોટાં છે. અધિકારીઓ ધરપકડ કરતાં પહેલાં યોગ્ય કાયદેસર તપાસ કરે છે.

અમેરિકન સિવિલ લિબર્ટીઝ યુનિયનના જણાવ્યા અનુસાર તાજેતરમાં કરવામાં આવેલી ધરપકડો આડેધડ ધરપકડના ક્વોટાને પુરો કરવાના ઉદ્દેશથી કરાઈ હતી અને તે વર્ણ કે વંશીયતાના આધારે કરાઈ હતી. યુનિયનના એટર્ની મોહમ્મદ તાજસારે જણાવ્યું હતું કે એક અમેરિકન બ્રિઆન ગેવિડિયાન પર હુમલો કરવાનું કારણ તે લેટિનો હતો અને લેટિન અમેરિકન વિસ્તારમાં રહેતો હતો તે હતું. કાર વોશ સેન્ટરમાં માત્ર બે શ્વેત કર્મચારીઓ સિવાય દરેક જણની ઈમિગ્રેશન અધિકારીઓએ અટક કરી હતી. જો વર્ણ ધરપકડનું કારણ ન હોય તો આમ કેમ બને.

ઈમિગ્રન્ટ્સ ડિફેન્ડર્સ લો સેન્ટર અને અન્ય જૂથોના વકીલોએ જણાવ્યું હતું કે તેમને બી ૧૮ નામથી ઓળખાતાં ડિટેન્શન સેન્ટરની મુલાકાત લેતાં અનેકવાર અટકાવવામાં આવ્યા હતા. સરકારી વકીલ સ્કેડઝીલેવસ્કીએ જણાવ્યું હતું કે દેખાવો દરમ્યાન અટકાયતીઓ અને કર્મચારીઓનું રક્ષણ કરવા માટે આમ કરવામાં આવ્યું હતું. એડવોકસી જૂથના વકીલે જણાવ્યું હતું કે જ્યારે દેખાવો થતાં નહોતાં એ દિવસે પણ તેમને ત્યાં જવા દેવામાં આવ્યા નહોતાં.

મંત્રી ઋષિકેશ પટેલે મહિલા અને બાળ રોગની ૧૨૦૦ બેડ હોસ્પિટલની સામે "ચાલો રમીએ" કિડ્સ ગાર્ડન બાળકો માટે ખુલ્લું મુક્યું

# આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના હસ્તે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં વિવિધ આરોગ્યલક્ષી પ્રકલ્પોનું ઉદ્ઘાટન

**અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના હસ્તે ટ્રોમા સેન્ટરમાં સ્કેન મશીન,ઓપીડી બિલ્ડિંગમાં નવું રજીસ્ટ્રેશન કાઉન્ટર, ફાર્મસી કાઉન્ટર, ૧૨૦૦ બેડ હોસ્પિટલ ખાતે બાળકો માટેનો બગીચો "ચાલો રમીએ"નું ઉદ્ઘાટન**

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૧૪ ।

અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના હસ્તે ટ્રોમા સેન્ટરમાં CT સ્કેન મશીન, OPD બિલ્ડિંગમાં નવું રજીસ્ટ્રેશન કાઉન્ટર, ફાર્મસી કાઉન્ટર, ૧૨૦૦ બેડ હોસ્પિટલ ખાતે બાળકો માટેનો બગીચો "ચાલો રમીએ"નું ઉદ્ઘાટન, તથા ૧૨૦૦ બેડમાં CT સ્કેન મશીનનું ઉદ્ઘાટન કર્યુ હતું. આરોગ્ય મંત્રી પટેલે હોસ્પિટલના વિવિધ વિભાગની મુલાકાત લીધી હતી તથા ૧૨૦૦ બેડ ખાતે આયોજિત વિભાગના વિવિધ ડોક્ટરો સાથેની બેઠકમાં સહભાગી થયા હતા.અત્રે ઉલ્લેખનીય છે કે, સિવિલ હોસ્પિટલ, અમદાવાદના ટ્રોમા સેન્ટર ખાતે ઈમરજન્સીમાં સારવાર માટે આવતા દર્દીઓને તાત્કાલિક રેડીયોલોજીકલ સેવાઓ મળી રહે તે માટે ટ્રોમા સેન્ટર ગ્રાઉન્ડ ફ્લોરનાં ઈન્ફ્રાસ્ટ્રકચરમાં જરૂરી સુધારા વધારા કરી ૧૨૮ સ્લાઈડ્સનું સીટી સ્કેન મશીન પ્રસ્થાપિત કરવામાં આવ્યું છે. આ મશીન ફ્યુજીફ્રાન દ્વારા સપ્લાય કરવામાં આવેલ છે, જેની કિંમત રૂ. ૯.૧૫ કરોડ છે.સિવિલ હોસ્પિટલમાં



ઈમરજન્સીમાં આવતા દર્દીઓને સીટી સ્કેન કરાવવાની જરૂરિયાત ઉદ્ભવે તો ટ્રોમા સેન્ટરમાં જ ઝડપથી થઈ શકશે.આમ કુલ ૦૪ સીટી સ્કેન મશીનની ઉપલબ્ધતાથી હાલમાં રોજ આશરે ૫૦ દર્દીઓના સીટી સ્કેન થાય છે, જેના બદલે હવેથી અંદાજીત રોજના ૧૦૦ દર્દીઓના સીટી સ્કેન સરળતાથી થઈ શકશે. સાથેજ વેઈટીંગ લીસ્ટમાં પણ ઘટાડો થશે.સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે આવેલ જુની ઓર્થોપેડીક વિભાગની ઓપીડીની જગ્યા નાની હોવાથી અને આશરે રોજના ૪૦૦ જેટલા દર્દીઓ સારવાર માટે આવતા હોવાથી તથા તેનાથી ઓર્થોપેડીક વિભાગની ઓપીડી સતત ભીડભાડવાળી રહેતી હોવાથી તેના ઈન્ફ્રાસ્ટ્રકચરમાં જરૂરી સુધારા વધારા કરી સારવાર માટે આવતા દર્દીઓ વધુમાં વધુ તબીબી સેવાઓનો લાભ લઈ શકે તે માટે આશરે ૭૫ દર્દીઓથી વધુ બેસી શકે તેવી વાતાનુકુલીન વેઈટીંગ એરીયાની વ્યવસ્થા સાથે સાથે પીવાના પાણીની વ્યવસ્થા, મેલ/ફીમેલ અને હેન્ડીકેપ માટે ટોઈલેટ બ્લોકની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

## ઓર્થોપેડીક ઓપીડીમાં રીનોવેશન બાદ સારવાર માટે આવતા દર્દીઓને ઝડપી અને સારી ગુણવત્તા વાળી તબીબી સેવાઓનો લાભ લઇ શકશે



આ સાથે દર્દીઓ સ્ટ્રેચર કે વ્હીલચેરમાં આવતા હોવાથી આવવા જવા માટે પહોળા પેસેજની વ્યવસ્થા કરવામાં આવેલ છે. આમ ઓર્થોપેડીક ઓપીડીમાં રીનોવેશન બાદ સારવાર માટે આવતા દર્દીઓને ઝડપી અને સારી ગુણવત્તા વાળી તબીબી સેવાઓનો લાભ લઈ શકશે.સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે જુની ઓપીડી બીલ્ડીંગમાં મેડીસીન, સર્જરી, ઓર્થોપેડીક, સ્કીન, સાઈક્યાટ્રીક અને પલ્મોનરી મેડીસીન વિભાગની ઓપીડી તથા આર.એમ.ઓ ઓફિસ કાર્યરત છે. આ જુદા જુદા વિભાગોમાં સારવાર હેતુ રોજના આશરે ૨૨૦૦ દર્દીઓ તેમજ તેમના સગાઓ આવતા હોય છે. દર્દીઓ તેમજ તેમના સગાઓની સુવિધામાં વધારા હેતુ અલાયદી કેસ બારી અને દવા બારી બનાવવામાં આવી છે. જે સંપૂર્ણ વાતાનુકુલીન છે. કેસ બારીના વેઈટીંગ એરીયામાં આશરે ૭૫ દર્દીઓથી વધુ બેસી શકે તે માટેની બેઠક વ્યવસ્થા, જેમાં પીવાના પાણીની વ્યવસ્થા, હેન્ડીકેપ ટોઈલેટ બ્લોક, મેલ/ફીમેલ ટોઈલેટ બ્લોકની વ્યવસ્થા કરવામાં આવી છે.એ જ રીતે દવા બારીના વેઈટીંગ એરીયામાં આશરે ૩૦ વ્યક્તિઓથી વધુ બેસી શકે તેવી બેઠક વ્યવસ્થા, કુલ ૧૧ દવા બારી જેમાં સ્ત્રીઓ અને પુરુષો માટે અલગ અલગ દવા બારી, સ્ત્નછરૂ લાભાર્થી માટે અલાયદી દવા બારીની વ્યવસ્થા, સિનિયર સીટીઝન અને વિકલાંગ વ્યક્તિઓ માટે અલગ દવા બારીની વ્યવસ્થા કરવામાં આવેલ છે. આમ કેસ બારી અને દવા બારીની અલાયદી વ્યવસ્થાથી દર્દીઓ ઓછા સમયમાં સારી તબીબી સેવાઓ મેળવી શકશે.આ સાથે જ સિવિલ હોસ્પિટલ ૧૨૦૦ બેડ વુમન ચાઈલ્ડ અને સુપરસ્પેશ્યાલીટી હોસ્પિટલ પરિસરમાં બાળકો માટે "ચાલો રમીએ" નામના થેરાપ્યુટિક ગાર્ડનનું લોકાર્પણ કરવામાં આવ્યું છે, આ ગાર્ડનમાં બાળકોના ભાવનાત્મક અને માનસિક સુખાકારીને સહારો આપવા માટે બનાવવામાં આવેલ છે.સ્વ. ઉર્વશીબેન શંકરલાલ પટેલ(ગામ-પીજ)ના સ્મરણાર્થે નરેન્દ્રભાઈ શંકરલાલ પટેલ, નિરમા રોટરી કલ્બ ઓફ કાંકરીયા, અમદાવાદ અને પાયલબેન કુકરાણી, નરોડા વિધાનસભા, ધારાસભ્યશ્રીના અનુદાનથી આ "ચાલો રમીએ" ગાર્ડન બનાવવામાં આવેલ છે.

### ન્યૂઝ બ્રિફ

## વડોદરામાં કારેલીબાગ-હાથીખાના રોડ પર મસમોટો ભુવો પડતા પાલિકાની પોલ ખુલી

। પ્રતિનિધિ, વડોદરા, તા.૧૪ ।

વડોદરા શહેરના કારેલીબાગ-પાણીની ટાંકી વિસ્તારના કોમર્શિયલ ગણાતા હાથી ખાના તરફ જવાના રસ્તે ચાર રસ્તા નજીક જ મસમોટો ભુવો પડ્યો છે. નજીકમાં જ રોજ સાંજે શાકમાર્કેટ ભરાય છે ત્યારે માત્ર પાલિકા તંત્ર એ ચારે બાજુએ બેરીકેટ મૂકીને સંતોષ માન્યો છે. આ જગ્યાએ તાજેતરમાં જ પાલિકા દ્વારા ખોદકામ કરવામાં આવ્યું હતું. થાગડ થીગડ કરીને જેમ તેમ પુરાણ બાદ ડામર કપચી નાખીને રોલર ફેરવી દેવાયુ હોવાનું સ્પષ્ટ નજરે ચડે છે. આ ભુવામાં કેટલીય પાણીની અને ડ્રેનેજની લાઈનો આવેલી છે જે લીકેજ થતા કારેલીબાગ વિસ્તારમાં રોગચાળો ફાટી નીકળે તો નવાઈ નહીં. ઉલ્લેખનીય છે કે કારેલીબાગ પાણીની ટાંકીનો રોડ સતત ધમધમતો રહે છે. આ રસ્તેથી હાથીખાના તરફ જવાના રસ્તે ટર્નિંગ પર જ મસ્ત મોટો ભુવો પડ્યો છે. વિસેક ફૂટ જેટલો ઊંડો અને ૧૦ જેવા પહોળા ભૂવાના કારણે વિસ્તારમાંથી પસાર થતું વાહન ગરકી જવાની શક્યતા નકારી શકાતી નથી. ગઈ રાત્રે એક શાકભાજીવાળાએ પોતાનો થ્રી વ્હીલ ટેમ્પો આ જગ્યાએ મૂક્યો હતો.

## બનાસકાંઠાના દાંતામાં પ્રાથમિક શાળાના 30 વધુ બાળકોને ફૂડ પોઈઝનિંગ, એકનું મોત

। પ્રતિનિધિ, બનાસકાંઠા, તા.૧૪ ।

બનાસકાંઠાના દાંતાની વેકરી પ્રાથમિક શાળાના ૩૦ વધુ બાળકોને ફૂડ પોઈઝનિંગ અસર થઈ હતી. આ બાળકોને સામૂહિક આરોગ્ય કેન્દ્ર માકડી ખસેડવામાં આવ્યા હતા. જ્યા સારવાર દરમિયાન બાળકનું મોત નીપજ્યું છે. જ્યારે ત્રણ બાળકોની તબિયત ગંભીર હોવાની વધુ સારવાર અર્થ ખેડબ્રહ્મા ખસેડવામાં આવ્યા છે.મળતી માહિતી અનુસાર, દાંતા વેકરી પ્રાથમિક શાળાના બાળકોને ફૂડ પોઈઝનિંગ ઘટનાની જાણ થતા આરોગ્ય તંત્ર દોડતું થયું છે. ઘટનાને લઈને શિક્ષકો અને અધિકારીઓ હોસ્પિટલ પહોંચ્યા હતા. હાલ ૧૩ બાળકો હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. તેમજ અન્ય બાળકો સ્વસ્થ થતા તેમને હોસ્પિટલમાંથી રજા અપાઈ છે. નોંધનીય છે કે, છેલ્લા ૨ દિવસથી બાળકોની તબિયત લથડી રહી હતી. જેમાં કેટલાય બાળકોને ઝાડા ઊલટી થવાની ફરિયાદ સામે આવી રહી હતી. બનાસકાંઠાના દાંતામાં પ્રાથમિક શાળાના ૩૦ વધુ બાળકોને ફૂડ પોઈઝનિંગ, એકનું મોત.

વાજતેગાજતે ઢોલનગારા લઈને

# રાજીનામું આપવા નીકળેલા કાંતિભાઈ અંતે રાજીનામું આપ્યા વગર પરત ફરી ગયા હતા

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૧૪ ।

ગાંધીનગર વિધાનસભાની બહાર આજે ભાજપના ધારાસભ્ય કાંતિ અમૃતિયાનો હાઈવોલ્ટેજ ડ્રામા જોવા મળ્યો. વાજતેગાજતે ઢોલનગારા લઈને રાજીનામું આપવા નીકળેલા કાંતિભાઈ અંતે રાજીનામું આપ્યા વગર પરત ફરી ગયા હતા. તેમણે કહ્યું કે, ગોપાલ ઈટાલિયા આવે તો હું પણ રાજીનામું આપી દઉં. સમગ્ર ડ્રામામાં ગોપાલ ઈટાલિયા સંપર્ક વિહોણા થયા. ગોપાલ ઈટાલિયા તરફથી કોઈ પ્રતિક્રિયા ન આવી.રાજીનામાના નામે ભાજપના ધારાસભ્ય કાંતિ અમૃતિયાનું રાજકીય નાટક આજે જોવા મળ્યું. મોરબીના ધારાસભ્ય કાંતિ અમૃતિયાએ વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાને આપેલા પડકારને પૂર્ણ કરવા માટે આજે ગાંધીનગર પહોંચ્યા હતા. કાંતિ અમૃતિયા પોતાના સમર્થકોની લગભગ ૧૦૦થી વધુ ગાડીના વિશાળ કાફલા સાથે ગાંધીનગર પહોંચ્યા હતા, કાંતિ અમૃતિયાએ ગોપાલ ઈટાલિયાના રાજીનામાની રાહ જોઈ હતી. પોતાના વચન પ્રમાણે ભાજપના મોરબીના ધારાસભ્ય કાંત અમૃતિયા રાજીનામું આપવા પહોંચ્યા હતા.

### કાંતિ અમૃતિયાએ સોમવારે રાજીનામું આપવાની જાહેરાત કરી હતી

અગાઉ કાંતિ અમૃતિયાએ સોમવારે રાજીનામું આપવાની જાહેરાત કરી હતી. કાંતિ અમૃતિયાએ ગોપાલ ઈટાલિયાને રાજીનામું આપવા પડકાર ફેંક્યો હતો. ત્યારે કાંતિ અમૃતિયા પોતાના સમર્થકો અને ઢોલ નગારા સાથે ગાંધીનગર રાજીનામું આપવા પહોંચી ગયા હતા અને ગોપાલ ઈટાલિયાની રાહ જોઈ રહ્યાં હતા, પરંતુ ગોપાલ ઈટાલિયા આવ્યા ન હતા.



યુપીમાંથી નકલી હથિયાર લાઇસન્સ જારી કરવામાં આવી રહ્યા હોવાનું બહાર આવ્યું

# ગુજરાત રાજ્યની એટીએસએ વધુ એક નકલી હથિયાર લાઇસન્સ કૌભાંડનો પર્દાફાશ કર્યો

**ગુજરાત એટીએસએએ આ કૌભાંડમાં સંડોવાયેલા ૭ આરોપીઓની ધરપકડ કરી છે, પોલીસે હથિયારો કેવી રીતે જારી કરવામાં આવી રહ્યા હતા તે જાણવા માટે પૂછપરછનો દોર શરૂ કર્યો**

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૪ ।

ગુજરાત એટીએસે વધુ એક નકલી હથિયાર લાઈસન્સ કૌભાંડનો પર્દાફાશ કર્યો છે, જેમાં યુપીમાંથી નકલી હથિયાર લાઈસન્સ જારી કરવામાં આવી રહ્યા હોવાનું બહાર આવ્યું છે. ગુજરાત એટીએસએએ આ કૌભાંડમાં સંડોવાયેલા ૭ આરોપીઓની ધરપકડ કરી છે, પોલીસે હથિયારો કેવી રીતે જારી કરવામાં આવી રહ્યા હતા તે જાણવા માટે પૂછપરછનો દોર શરૂ કર્યો છે.ગુજરાત એટીએસે ૭ આરોપીઓની ધરપકડ કરી છે. શોલે સિંહ સેંગર, વેદ પ્રકાશ સિંહ સેંગર, મુકેશ સિંહ, રાજેન્દ્ર સિંહ, વિજય સિંહ, અભિષેક ત્રિવેદી, અજય સેંગરની ધરપકડ કરવામાં આવી છે, જેમની પાસેથી એટીએસએ ૭ રિવોલ્વર અને ૨૬૧ જીવતા કારતૂસ જપ્ત કર્યા છે.



ઉત્તર પ્રદેશમાંથી નકલી હથિયાર લાઈસન્સ કૌભાંડનો પર્દાફાશ થયો છે,એટીએસએ કૌભાંડમાં સંડોવાયેલા ૭ આરોપીઓની ધરપકડ કરી છે, ગુજરાતના અમદાવાદના વસ્ત્રાલ, મેઘનાનગર, અડાલજ વિસ્તારોમાંથી ૭ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.એટીએસે અગાઉ પણ હથિયાર લાઈસન્સ કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો.

રાજ્યમાં નકલી દસ્તાવેજોના આધારે નકલી હથિયાર લાઈસન્સ મેળવનારાઓ સામે પોલીસે કાર્યવાહી કરી. ગેરકાયદેસર રીતે લાઈસન્સ મેળવનારા ૧૬ લોકોની પોલીસે ધરપકડ કરી. મોટાભાગના નકલી લાઈસન્સ અમદાવાદ, સુરત, બોટાદમાં બનાવવામાં આવ્યા હતા. પોલીસે અનિલ રાવલ, અર્જુન ભરવાડ, જનક પટેલ, રમેશ ભોજા, વિરમ ભરવાડની ધરપકડ કરી. ખોટી રીતે અને ખોટા દસ્તાવેજોના આધારે નકલી લાઈસન્સ બનાવવામાં આવ્યા હતા.

ગેરકાયદેસર વિવાદિત અને ગેરકાયદેસર રીતે ઉભી કરવામાં આવેલી કેટલીક ઇમારતો પર ડિમોલિશન

# એએમસીની નોટિસને અવગણવી અમદાવાદના જમાલપુરના કુખ્યાત સલીમ ખાનને ભારે પડી । બિલ્ડિંગ તોડી પડાઇ

**ગેરકાયદે બાંધકામના કેસમાં કુખ્યાત ગણાતા સલીમ ખાન પઠાણના બિલ્ડિંગ 'સના ૭'ને તોડી પાડવામાં આવ્યું । બિલ્ડિંગ વિના મંજૂરી અને નિયમોની અવગણના કરીને વક્ફ બોર્ડની જમીન પર બાંધવામાં આવ્યું હતું**

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૪ ।

અમદાવાદના જમાલપુર વિસ્તારમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.ગેરકાયદેસર વિવાદિત અને ગેરકાયદેસર રીતે ઉભી કરવામાં આવેલી કેટલીક ઈમારતો પર ડિમોલિશન ચલાવવામાં આવ્યું છે. આ કાર્યવાહી કુખ્યાત સલીમ ખાન જુમ્મા ખાનના ગેરકાયદે બિલ્ડિંગ્સ વિરુદ્ધ હાથ ધરવામાં આવી છે. એએમસી દ્વારા અગાઉ ઘણીવાર નોટિસ આપવામાં છત્તા પણ સલીમ ખાન



દ્વારા નિયમોનું ઉલ્લંઘન કરીને ગેરકાયદે બિલ્ડિંગ્સ ઊભી કરવામાં આવી હતી.આ બિલ્ડિંગ્સમાં કોઈ મંજૂરી વગર દસ્તાવેજો કરાઈ ગયા હતા અને કેટલાક કેસમાં વક્ફ બોર્ડની જમીન પર પણ ગેરકાયદેસર રીતે કબજો કરી લેવાયો હતો. આ મામલો ગંભીર બનતા હવે પોલીસે દસ્તાવે અંગે પણ તપાસ શરૂ કરી છે.એએમસી દ્વારા શરૂ કરાયેલી આ કાર્યવાહી જમાલપુરમાં ગેરકાયદે બાંધકામ વિરુદ્ધનો મહત્વપૂર્ણ પગલુ માનવામાં આવી રહી છે.અમદાવાદના જમાલપુર વિસ્તારમાં આજે સ્થાનિક તંત્ર અને પોલીસ બંદોબસ્તની હાજરીમાં એક મહત્વપૂર્ણ ડિમોલિશન કામગીરી હાથ ધરવામાં આવી. ગેરકાયદે બાંધકામના કેસમાં કુખ્યાત ગણાતા સલીમ ખાન પઠાણના બિલ્ડિંગ 'સના ૭'ને તોડી પાડવામાં આવ્યું.

## જામનગરના મતવા ગામમાં જુગાર અંગે દરોડો : ચાર જુગારીઓ પકડાયા

। પ્રતિનિધિ, જામનગર, તા.૧૪ ।

જામનગર તાલુકાના મતવા ગામમાં પંચકોશી એ. ડિવિઝન પોલીસે જુગારનો દરોડો પાડી ચાર પત્તા પ્રેમીઓને પકડી પાડ્યા છે, અને રૂપિયા અડધા લાખની માલમતા કબજે કરી છે. જામનગર તાલુકાના મતવા ગામમાં ગઈકાલે પંચકોશી એ. ડિવિઝનના એએસઆઈ નિર્મળસિંહ જાડેજા તથા તેઓની ટીમે જુગાર અંગે દરોડો પાડયો હતો, અને જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમી રહેલા રમેશ ગોવિંદભાઈ પટેલ, પરબત મોમાભાઈ સરસિયા, જસાભાઈ ભાયાભાઈ ધોલતર, તેમજ રામાભાઈ પાલાભાઈ ધ્રાંગીયાની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિયા ૫૨,૭૪૦ ની રોકડ રકમ તેમજ જુગારનો સામાન કબજે કર્યો છે.

# આખી સરકાર રાજીનામું આપે અને પછી ચૂંટણી કરાવો,આપ નેતા પ્રવીણ રામની સરકારને ચેલેન્જ

**ગુજરાતની જનતાએ કાંતિ અમૃતિયાના રાજીનામાનો હાઈવોલ્ટેજ ડ્રામા જોયો**

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૧૪ ।

ગુજરાતની જનતાએ કાંતિ અમૃતિયાના રાજીનામાનો હાઈવોલ્ટેજ ડ્રામા જોયો. ત્યારે રાજનામાની વાતને આમ આદમી પાર્ટીના નેતાઓએ રાજકીટ નાટક ગણાવ્યુ. આપના નેતા પ્રવીણ રામે કહ્યું કે, આખી સરકાર રાજીનામું આપી દો અને પછી ચૂંટણી કરાવો. રોડ રસ્તાની બિસ્માર હાલત, ગંભીરા બ્રિજની હાલત, યોજનાના કૌભાંડોથી લોકોનું ધ્યાન ભટકાવવા માટે કાંતિકાકા અને ભાજપને નોટંકી કરી છે. જાત્રા જતા હોય તેમ બધા લોકો તેમના મૂકવા આવ્યા હતા. બધાના લોકોના ચહેરા પર હાસ્ય હતું, આ બધાના ચહેરા પર જે રીતે હાસ્ય હતું તે જોઈ લાગતુ હતુ, બધાને લાગતું કે, કાંતિકાકા રાજીનામું આપે તો કાંટો મોરબીથી નીકળી જાય. રાજીનામા આપવાની વાત તો તમે એકલાએ કરી છે.

### લોકોના મુદ્દા પરથી ધ્યાન ભટાકવવા નાટક ચાલે છે

ગોપાલભાઈએ ક્યાંય રાજીનામું આપવાની વાત કરી નથી. તેમણે તો એટલું જ કહ્યું કે, તમે ૧૨ તારીખે ૧૨ વાગે રાજીનામું આપી દો તમારી ચેલેન્જ સ્વીકારવા તૈયાર. લોકોના મુદ્દા પરથી ધ્યાન ભટાકવવા નાટક ચાલે છે. ગોપાલભાઈને તો હજી શપથ જ લેવડાવ્યા નથી, તો કાંતિકાકા ત્યાં શંકરભાઈ ચૌધરીને એ પણ કહેતા આવજો કે તેમના વહેલામાં વહેલી તકે શપથ કરાવજો, અને પછી બીજી ચર્ચા કરીશું. ત્યાં જુસ્સા સાથે પેટ્રોલ બાળીને ગયા છો, તો એમ ને એમ પાછા નહિ આવતા, નહિ તો ગુજરાતને મજા નહિ આવે. રાજીનામું આપીને જ આવજો.




**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya